RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 399 Dt. 14-08-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA

**Place of Publication and Printing :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

E20 પેટ્રોલ વિવાદ વચ્ચે મોટો ઘટસ્ફોટ

# ઈથેનોલ પોલિસી USની કોપી!

## સામાજિક કાર્યકર્તા તહસીન પૂનાવાલાનો દાવોઃ ગડકરીને બરતરફ કરવા માંગ



### સંસદમાં આપેલી સ્પષ્ટતા સામે સવાલો

**આ જૂના વીડિયો સામે આવ્યા બાદ મંત્રીના સંસદમાં આપેલા નિવેદન પર સવાલો ઊભા થયા છે. સરકારે સંસદમાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ઊ૨૦ પ્રોગ્રામ ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા (અછઅઈ)ના વૈજ્ઞાનિક પરીક્ષણ અને વર્ષોના સંશોધન પછી જ લાગુ કરવામાં આવ્યો છે. જોકે, ૨૦૨૩ પહેલાના વાહન માલિકો સતત માઈલેજ ઘટવાની અને મેન્ટેનન્સ ખર્ચ વધવાની ફરિયાદો કરી રહ્યા છે.**

નવી દિલ્હી, તા.૧૩

ઊ૨૦ ઈંધણ વિવાદમાં નવો વળાંક આવ્યો છે. સામાજિક કાર્યકર્તા તહસીન પૂનાવાલાએ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનો એક જૂનો વીડિયો શેર કરીને આરોપ લગાવ્યો છે કે, ઈથેનોલ નીતિ અમેરિકાથી 'કોપી-પેસ્ટ' કરાઈ છે.

વીડિયોમાં ગડકરી પોતે અમેરિકી કાયદાને આધાર બનાવી ભારતમાં નીતિઓ ઝડપથી અમલમાં મૂકવાની વાત કરતા દેખાય છે. પૂનાવાલાએ મંત્રીને તાત્કાલિક પદ પરથી બરતરફ કરવાની માંગ કરી છે.

દેશભરમાં ૮૦% પેટ્રોલ અને ૨૦% ઈથેનોલ ધરાવતા ઊ૨૦ ઈંધણ સામે ચાલી રહેલી ચર્ચા વચ્ચે નવો વિવાદ સામે આવ્યો છે. સામાજિક કાર્યકર્તા તહસીન પૂનાવાલાએ કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીનો એક જૂનો વીડિયો શેર કરીને સરકાર પર ઈથેનોલના નીતિ-નિયમો અમેરિકાથી સીધા 'કોપી-પેસ્ટ' કરવાનો આરોપ લગાવ્યો છે. આ સાથે જ તેમણે મંત્રીને તાત્કાલિક પદ પરથી બરતરફ કરવાની માંગ કરી છે.

શેર કરવામાં આવેલા વીડિયોમાં મંત્રી ભારતમાં નવા નિયમો અને ધોરણો નક્કી કરવામાં લાગતા લાંબા સમય અંગે વાત કરી રહ્યા છે.

તેમણે ઈથેનોલ નીતિનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, કોઈ પોલિસી બનાવવામાં ૩થી ૪ વર્ષનો સમય લાગી જતો હતો, જેથી તેમણે અધિકારીઓને અમેરિકી કાયદાને આધાર બનાવીને ભારતીય પરિસ્થિતિઓ મુજબ જરૂરી ફેરફાર કરી પોલિસીને ઝડપથી અમલમાં મૂકવા કહ્યું હતું.

જોકે, તેમણે વીડિયોમાં એવું પણ ઉમેર્યું હતું કે, સુરક્ષા સાથે કોઈ સમજૂતી થવી જોઈએ નહીં.પૂનાવાલા લાંબા સમયથી ઊ૨૦ પેટ્રોલ સામે અભિયાન ચલાવી રહ્યા છે અને દાવો કરી રહ્યા છે કે આનાથી વાહનોની માઈલેજ અને એન્જિનની ક્ષમતા પર નકારાત્મક અસર પડે છે.

તેમણે આક્ષેપ કર્યો કે મંત્રીએ કોર્ટમાં આ પ્રોગ્રામ સાથે કોઈ લેવાદેવા ન હોવાનું કહ્યું હતું, જ્યારે વીડિયોથી વિપરીત વાસ્તવિકતા સામે આવે છે. તેમણે ઊ૨૦ ઈંધણ નીતિ પાછી ખેંચવાની અને કેન્દ્રીય મંત્રીને બરતરફ કરવાની માંગ કરી છે.

જો ન્યુક્લિયર યુદ્ધ થયું તો......

# પાકિસ્તાન પરમાણુ બોમ્બ ફેંકશે!

## મૂળ ચાઈનીઝ નિષ્ણાતનો પોડકાસ્ટમાં મોટો દાવો

નવી દિલ્હી, તા.૧૩

ચીનમાં જન્મેલા કેનેડિયન પ્રોફેસર જિયાંગ શુએચિન તેમની સિદ્ધાંત-આધારિત આગાહીઓ માટે જાણીતા છે. પ્રોફેસર જિયાંગે તાજેતરમાં જણાવ્યું છે કે, જો કોઈ ભવિષ્યના સંઘર્ષમાં પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ થાય, તો પાકિસ્તાન એવો પહેલો દેશ બની શકે છે, જે સૌપ્રથમ પરમાણુ હુમલો કરે.એક પોડકાસ્ટમાં વાતચીત કરતી વખતે પ્રોફેસર જિયાંગે સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ માનવજાતના જીવનકાળમાં પરમાણુ યુદ્ધ થવાની શક્યતા શૂન્ય ટકા માને છે, કારણ કે વિશ્વભરમાં પરમાણુ શસ્ત્રોના ઉપયોગ સામે સાર્વત્રિક પ્રતિબંધ અને ભય છે. પરંતુ તેમણે એક ગંભીર શરત મૂકતાં કહ્યું કે, 'જો મારે અંદાજ લગાવવો જ પડે કે, કયો દેશ સૌથી પહેલા ન્યુક્સ(પરમાણુ બોમ્બ)નો ઉપયોગ કરશે, તો તે ભારત કે પાકિસ્તાનમાંથી હોઈ શકે છે, અને તેમાં પણ વધુ શક્યતા પાકિસ્તાનની છે.'

તેમના જણાવ્યા મુજબ આનું મુખ્ય કારણ પાકિસ્તાનની પરમાણુ યુદ્ધ લડવાની ઈચ્છા નથી, પરંતુ તેની નબળાઈઓ છે. પાકિસ્તાન પરમાણુ શસ્ત્રો ધરાવતો એક અત્યંત નબળો, અસંગઠિત અને ભ્રષ્ટ દેશ છે. કટોકટીના સમયે પોતાની જાતને રોકવા માટે તેની પાસે કદાચ યોગ્ય નિયંત્રણ પ્રણાલીઓ પણ નથી. પ્રોફેસર જિયાંગના વિશ્લેષણ મુજબ, ભારત અને પાકિસ્તાન વચ્ચે જો યુદ્ધ થાય તો, બંને દેશોની પરમાણુ નીતિઓ સંપૂર્ણપણે અલગ છે.પાકિસ્તાનની વ્યૂહાત્મક અસ્પષ્ટતાઃ પાકિસ્તાને 'નો ફર્સ્ટ યૂઝ' નીતિ અપનાવી નથી. તે પોતાના પરમાણુ શસ્ત્રોને ભારતની વિશાળ પરંપરાગત સૈન્ય ક્ષમતા સામે બચાવનું સાધન માને છે.

જિયાંગે ઉમેર્યું કે, 'ઇસ્લામાબાદ સામે જીતવા કે ટકી રહેવા માટે ભારતને પરમાણુ શસ્ત્રો વાપરવાની જરૂર નથી, જ્યારે પાકિસ્તાનને ભારત સામે અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેનો ઉપયોગ કરવો પડી શકે છે.' સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ(જીંર્ઙ્ઘૈં)ના ડેટા અનુસાર, ભારત પાસે ૧૯૦ પરમાણુ વોરહેડ્સ છે, જ્યારે પાકિસ્તાન પાસે આશરે ૧૭૦ પરમાણુ વોરહેડ્સ છે.પાકિસ્તાન પોતાની સૈન્ય નબળાઈઓને છુપાવવા માટે દાયકાઓથી પરમાણુ ધમકીઓ આપતું આવ્યું છે.૨૦૦૨માં પરવેઝ મુશર્રફે કારગિલ યુદ્ધ પછી ધમકી આપી હતી કે, જો દેશના અસ્તિત્વ પર ખતરો આવશે તો તેઓ પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરશે.૨૦૧૯માં ઈમરાન ખાને પુલવામા હુમલા અને બાલાકોટ એરસ્ટ્રાઇક પછી પરમાણુ સંઘર્ષની ચેતવણી આપી હતી.મે ૨૦૨૫માં ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે પણ દેશના અસ્તિત્વ પર સીધો ખતરો આવે તો પરમાણુ વિકલ્પ ખુલ્લો હોવાની વાત કરી હતી.

સૌથી ચિંતાજનક નિવેદન ઑગસ્ટ ૨૦૨૫માં પાકિસ્તાનના આર્મી ચીફ આસિમ મુનીર તરફથી આવ્યું હતું. ફ્લોરિડામાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું હતું કે, 'અમે એક પરમાણુ રાષ્ટ્ર છીએ. જો અમને લાગશે કે અમે ડૂબી રહ્યા છીએ, તો અમે અમારી સાથે અડધી દુનિયાને પણ લેતા ડૂબીશું.'આ વલણ દર્શાવે છે કે, જો ક્યારેય પરંપરાગત યુદ્ધ એવા તબક્કે પહોંચે જ્યાં પાકિસ્તાની નેતૃત્વને લાગે કે, તેમનું અસ્તિત્વ ખતરામાં છે, તો પરમાણુ શસ્ત્ર માત્ર રોકથામનું સાધન મટીને તેમના માટે છેલ્લો બચાવનો રસ્તો બની જાય છે.

# કોલકાતામાં RG કર જેવો કાંડ

### NRS હોસ્પિટલના ટોયલેટમાંથી મહિલા નર્સનો મૃતદેહ મળતા ચકચાર




નવી દિલ્હી, તા.૧૩

કોલકાતાની નીલરતન સરકાર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ (ગછજ) ના શૌચાલયમાંથી બુધવારે રાત્રે એક મહિલા નર્સનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસે સ્થળ પર પહોંચી દરવાજો તોડીને મૃતદેહ બહાર કાઢ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે. શૌચાલયનો દરવાજો અંદરથી બંધ હતો મહિલા નર્સ બુધવારે રાત્રે આશરે ૮ વાગ્યે નાઈટ શિફ્ટ માટે ડ્યુટી પર આવી હતી. તેમની સાથે કામ કરતા કર્મચારીઓના જણાવ્યા મુજબ, તેઓ રાત્રે ૯થી ૧૦ વાગ્યાની વચ્ચે હોસ્પિટલના શૌચાલયમાં ગયા હતા. મોડે સુધી પાછા ન આવતા સાથી કર્મચારીઓએ બૂમો પાડી અને દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો.


પોલીસે દરવાજો તોડી મૃતદેહ બહાર કાઢ્યો ઘટના અંગે જાણ કરવામાં આવતા જ એન્ટાલી પોલીસ સ્ટેશનની ટીમ હોસ્પિટલ પહોંચી હતી. પોલીસે પહેલાં અંદર રહેલી નર્સ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ જવાબ ન મળતા દરવાજો તોડી નાખ્યો હતો. હાલમાં નર્સના મોતનું સાચું કારણ સ્પષ્ટ થયું નથી અને પોલીસ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવવાની રાહ જોઈ રહી છે.

કોલકાતાની નીલરતન સરકાર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ (ગછજ) ના શૌચાલયમાંથી બુધવારે રાત્રે એક મહિલા નર્સનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસે સ્થળ પર પહોંચી દરવાજો તોડીને મૃતદેહ બહાર કાઢ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.મહિલા નર્સ બુધવારે રાત્રે આશરે ૮ વાગ્યે નાઈટ શિફ્ટ માટે ડ્યુટી પર આવી હતી. તેમની સાથે કામ કરતા કર્મચારીઓના જણાવ્યા મુજબ, તેઓ રાત્રે ૯થી ૧૦ વાગ્યાની વચ્ચે હોસ્પિટલના શૌચાલયમાં ગયા હતા. મોડે સુધી પાછા ન આવતા સાથી કર્મચારીઓએ બૂમો પાડી અને દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ અંદરથી કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો.

ઘટના અંગે જાણ કરવામાં આવતા જ એન્ટાલી પોલીસ સ્ટેશનની ટીમ હોસ્પિટલ પહોંચી હતી. પોલીસે પહેલાં અંદર રહેલી નર્સ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ જવાબ ન મળતા દરવાજો તોડી નાખ્યો હતો. હાલમાં નર્સના મોતનું સાચું કારણ સ્પષ્ટ થયું નથી અને પોલીસ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવવાની રાહ જોઈ રહી છે.

# નાપાકના પૂર્વ મંત્રી શેખનો બેફામ લવારો

## આતંકીઓ સાથે ભારતનો વિનાશ કરવાની ખુલ્લેઆમ ધમકી ઉચ્ચારીઃ પાકિસ્તાન ત્રાસવાદીઓ માટેનું સલામત સ્વર્ગ બન્યું



નવી દિલ્હી, તા.૧૩

થોડા સમય પૂર્વે પ્રસિદ્ધ થયેલા એક અનડેટેડ વીડિયોમાં પાકિસ્તાનના પૂર્વ મંત્રી શેખ રશીદ એહમદ લશ્કર-એ-તૈય્યબાના કમાન્ડર્સ ખાલીદ મસૂદ અને કારી મુહમ્મદ યાકુબની વચ્ચે બેઠેલા જોવા મળે છે અને સામે ઉપસ્થિત શ્રોતા વર્ગને કરેલાં સંબોધનમાં તેઓને ભારતનો સર્વનાશ કરવાની ખુલ્લી ધમકી ઉચ્ચારતા જોવા મળ્યા છે.રશીદ એહમદ શેખે તે સંબોધનમાં તેમ પણ કહ્યું હતું કે તેઓ નામદાર હાફીઝ સૈયદના ગુલામ છે, તેઓના અનુયાયી છે. તેણે વધુમાં તેમ પણ કહ્યું હતું કે હાફીઝ સઈદનો મોબાઈલ નંબર તેમના મોબાઈલમાં મળી આવતાં તેમને અમેરિકામાંથી દેશ નિકાલ કરવામાં આવ્યા હતા.

તે સર્વવિદિત છે કે હાફીઝ-સઈદ લશ્કર-એ-તૈય્યબાનો સ્થાપક છે અને વૈશ્વિક ત્રાસવાદી તરીકે જાહેર થયો છે. મુંબઈ બ્લાસ્ટનો તે માસ્ટર માઈન્ડ છે.માત્ર શેખ રશીદ જ નહીં પાકિસ્તાનના બીજા કેટલાયે અગ્રણીઓ આતંકીઓ સાથે સંકળાયેલા છે. પૂર્વપાકિસ્તાની ક્રિકેટર શોએબ અખ્તરનો મોટો ભાઈ શાહીદ અખ્તર પણ આતંકીઓ સાથે સંકળાયેલો હતો. તેના જમાનામાં કેટલાયે આતંકીઓ જેવા કે ઈનામ-ઉર-રહેમાન અબ્દુલ્લાહ તૂર હાફીઝ ઉંમર અને અમજાદ ભટ્ટી જોવા મળ્યા હતા. યુએસ કોંગ્રેસના રીસર્ચ સર્વિસ દ્વારા વારંવાર ચેતવણી આપવામાં આવે છે કે પાકિસ્તાન-ત્રાસવાદીઓ માટેનું સ્વર્ગ બની રહ્યું છે. તે આ બધી ઘટનાઓથી સાબિત થાય છે.

# FSSAIની ઝાટકણી કાઢતી સુપ્રીમ કોર્ટે

## દેશના નાગરિકોને જાણવાનો પૂરો અધિકાર : કરોડો લોકોના સ્વાસ્થ્ય - બાળકોના ભવિષ્ય સાથે જોડાયેલી વાત અંગે સુપ્રીમ ખફા



નવી દિલ્હી, તા.૧૩

દેશમાં પેકેજ્ડ ખાદ્ય પદાર્થોના પેકેટ પર સ્વાસ્થ્ય સંબંધિત ચેતવણી દર્શાવતા લેબલ લગાવવા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ભારતીય ખાદ્ય સુરક્ષા અને ૠજ્ઞજ્ઞઅઈને કડક સંદેશ આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે દેશના નાગરિકોને એ જાણવાનો પૂરો અધિકાર છે કે તેઓ શું ખાઈ રહ્યા છે અને તેમના ખોરાકમાં ખાંડ, મીઠું કે સેચ્યુરેટેડ ફેટ કેટલા પ્રમાણમાં છે. સુપ્રીમ કોર્ટે ટકોર કરી હતી કે આ બાબત માત્ર નિયમો પૂરતી સીમિત નથી, પરંતુ કરોડો લોકોના સ્વાસ્થ્ય અને વિશેષ કરીને બાળકોના ભવિષ્ય સાથે જોડાયેલી છે. બેંચે કેન્દ્ર સરકારને છેલ્લી તક આપતાં બે અઠવાડિયાનો સમય આપ્યો છે અને ચેતવણી આપી છે કે જો કોઈ આખરી નિર્ણય લેવામાં નહીં આવે તો કોર્ટ પોતે જ આદેશ જારી કરશે.

આ મામલો પેકેજ્ડ ફૂડના પેકેટની આગળના ભાગે ચેતવણી આપતું લેબલ લગાવવા સાથે જોડાયેલો છે. આ પ્રસ્તાવ મુજબ, જે ખાદ્ય પદાર્થોમાં ખાંડ, મીઠું કે ફેટ નક્કી કરેલી મર્યાદા કરતાં વધુ હોય, તેના પેકેટ પર સ્પષ્ટ ચેતવણી લખવી પડશે જેથી ગ્રાહકો ખરીદતા પહેલાં પૂરી માહિતી મેળવી શકે. અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે ૠજ્ઞજ્ઞઅઈની બેઠકમાં લેવાયેલા નિર્ણયો સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશો મુજબના નથી.

જસ્ટિસ જે.બી. પારડીવાળા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે આ મામલાની સુનાવણી કરી હતી. અદાલતે સરકાર પક્ષના વકીલને પૂછ્યું કે, 'સ્પષ્ટ આદેશો હોવા છતાં અત્યાર સુધી નક્કર પગલાં કેમ લેવાયા નથી.'

પીઠે આકરા શબ્દોમાં કહ્યું કે, 'એવું લાગે છે કે મોટી કોર્પોરેટ કંપનીઓનું સરકાર પર દબાણ છે અને સરકાર તેમની સામે ઝૂકી રહી છે, કોર્ટનો હેતુ કોઈ ઉદ્યોગ કે કંપનીને નુકસાન પહોંચાડવાનો નથી, પરંતુ જનહિત અને નાગરિકોના સ્વાસ્થ્યની રક્ષા કરવાનો છે.'

કેન્દ્ર સરકારે પોતાની દલીલ આપતા કહ્યું કે, 'જો આ નવો નિયમ લાગુ કરવામાં આવશે તો નમકીન જેવી પરંપરાગત ભારતીય વાનગીઓ પણ તેની ઝપેટમાં આવી જશે અને લગભગ દરેક પેકેજ્ડ ફૂડ પર લાલ ચેતવણીનું નિશાન લગાવવું પડશે. તેનાથી આ ક્ષેત્ર સાથે જોડાયેલા લાખો નાના વેપારીઓ (ખજ્મ્ઊ)ની રોજીરોટી પર માઠી અસર પડી શકે છે. વિકસિત દેશોના ખોરાકના ધોરણો ભારત કરતાં અલગ છે, તેથી તેમને સીધા આપણા દેશમાં લાગુ કરવા યોગ્ય નથી.'

આ દલીલો સામે સુપ્રીમ કોર્ટે સખત વલણ અપનાવતા પૂછ્યું કે, 'શું ભારતે કાયમ અવિસિકિત દેશ જ રહેવું જોઈએ?'આ મામલે કોર્ટે કહ્યું કે, 'દુનિયાને દેખાવું જોઈએ કે ભારત પોતાના નાગરિકોના સ્વાસ્થ્ય માટે ગંભીર છે. ઉત્પાદકોને આ વ્યવસ્થા પસંદ ન આવે કારણ કે તેનાથી વેચાણ પર અસર થઈ શકે છે, પરંતુ આખરી નિર્ણય ગ્રાહકનો હોવો જોઈએ.'

### ઉત્પાદકોની દલીલ ફગાવી, આપ્યું અંતિમ અલ્ટીમેટમ

**સુનાવણી દરમિયાન ખાદ્ય ઉત્પાદકો તરફથી રજૂ થયેલા વકીલોની દલીલો પર કોર્ટે સવાલ કર્યો કે, 'ઉત્પાદકો આ વિષય પર આટલા બધા 'આકુળ-વ્યાકુળ' (ઉયતાયફિચિં) કેમ થઈ રહ્યા છે? દેશમાં ખૂબ ઓછા લોકો રોજના ડ્રાય ફ્રૂટ્સ ખરીદી શકે છે, જ્યારે મોટાભાગના બાળકો પેકેજ્ડ સ્નેક્સ અને જંક ફૂડ ખાય છે, તેથી તેમની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે.સુપ્રીમ કોર્ટે કેંન્દ્ર સરકારને પોતાના નિર્ણયો ઓન રેકોર્ડ મુકવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો છે. જો હવે પછીની સુનાવણી સુધી સંતોષકારક નિર્ણય નહીં લેવાય તો અદાલત પોતે જ આ અંગે અંતિમ આદેશ સંભળાવશે.**

# શ્રમિક પરિવારોને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં સારવાર

## કર્મચારી રાજ્ય વીમા નિગમ-ગુજરાત (ઈએસઆઈસી) સાથે રાજ્યની ૬ અગ્રણી આરોગ્ય સંસ્થાઓએ કર્યા એમઓયુ: અત્યાર સુધીમાં વિવિધ ૩૨ આરોગ્ય સંસ્થાઓ સાથે એમઓયુ સંપન્ન, જ્યારે વધુ ૪૫ સાથે એમઓયુની પ્રક્રિયા કાર્યરત



ગાંધીનગર, તા.૧૩

રાજ્યના શ્રમિક પરિવારોને વધુ સારી, ગુણવત્તાસભર અને સમયસર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી શ્રમ અને રોજગાર વિભાગ તથા કર્મચારી રાજ્ય વીમા નિગમ-ગુજરાતે (ઈએસઆઈસી) એક મહત્વપૂર્ણ પહેલ કરી છે. ઈએસઆઈસી હેઠળ નોંધાયેલા વીમાધારક શ્રમિકો તથા તેમના આશ્રિત લાભાર્થીઓને 'ટર્સરી કેર' અને 'સુપર સ્પેશિયાલિટી' સારવાર ઉપલબ્ધ કરાવવા શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની પ્રેરક ઉપસ્થિતિમાં ૬ અગ્રણી આરોગ્ય સંસ્થાઓ સાથે સમજૂતી કરાર (એમઓયુ) કરવામાં આવ્યા છે.

ગાંધીનગર ખાતે યોજાયેલા આ એમઓયુ એક્સચેન્જ બાદ શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, સ્વસ્થ શ્રમિક જ મજબૂત અર્થતંત્ર અને રાષ્ટ્રનિર્માણનો આધાર છે. જેથી, શ્રમિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવતી આ પહેલ લાખો શ્રમિક પરિવારો માટે મજબૂત આરોગ્ય સુરક્ષા કવચ તેમજ મોટી આર્થિક રાહતનું માધ્યમ બનશે. આ પહેલથી હવે રાજ્યમાં ઈએસઆઈસી હેઠળ નોંધાયેલા શ્રમિકો અને તેમના પરિવારને જરૂરિયાત મુજબ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં અમર્યાદિત ખર્ચે સારવાર ઉપલબ્ધ થશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીએ ઉપસ્થિત તબીબી સંચાલકો, તબીબો, પેથોલોજિસ્ટ્સ અને અધિકારીઓને શ્રમિકોના આરોગ્ય તથા કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે હોસ્પિટલ સંચાલકોને અપીલ કરી હતી કે સારવાર માટે આવતા દરેક શ્રમિક પ્રત્યે પરિવારના સભ્ય જેવી સંવેદનશીલતા અને કાળજી દાખવીને તેમને શ્રેષ્ઠ તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવે. ઈએસઆઈસી અંતર્ગત ઉપલબ્ધ સરકારી ભંડોળનો ઉપયોગ માત્ર શ્રમિકોના હિત અને કલ્યાણ માટે યોગ્ય રીતે થાય અને યોજનાનો કોઈપણ સ્તરે દુરુપયોગ ન થાય તેની પણ ખાસ તકેદારી રાખવા મંત્રીએ તાકીદ કરી હતી. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સંયુક્ત સચિવ તેજસ સોનીએ જણાવ્યું હતું કે, રાજ્યના સંગઠિત, અસંગઠિત અને ખેતમજૂરો સહિત સવા કરોડથી વધુ શ્રમિકોના સામાજિક-આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકાર સતત કામગીરી કરી રહી છે. ગુજરાત હંમેશાં નવીન અને શ્રમિકલક્ષી પહેલ કરવામાં દેશ માટે મોડેલ સ્ટેટ રહ્યું છે. શ્રમિકોના સુદૃઢ સ્વાસ્થ્ય માટે કરવામાં આવેલા આ એમઓયુ સમગ્ર રાજ્યમાં ઈએસઆઈસીના આરોગ્ય નેટવર્કને વધુ મજબૂત બનાવશે.

ઈએસઆઈસીના પ્રાદેશિક નિયામક હેમંતકુમાર પાંડેએ કહ્યું હતું કે, ઈએસઆઈસી ગુજરાત દ્વારા સમગ્ર રાજ્યમાં ટર્સરી તથા સુપર સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓનું નેટવર્ક વધુ મજબૂત કરવાની દિશામાં સતત કામગીરી કરવામાં આવી રહી છે.

તાજેતરના આ ૬ એમઓયુ સહિત અગાઉ ૨૬ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેમાં ૧૩ સરકારી હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ નેટવર્કમાં રાજ્યની અગ્રણી તબીબી સંસ્થાઓ જેવી કે યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, જીએમઈઆરએસ હોસ્પિટલ્સ, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (જીસીઆરઆઈ), ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર અને એઈમ્સ રાજકોટ જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, સમગ્ર ગુજરાતમાં વધુ ૪૫ હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓ સાથે એમઓયુની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે, જેના પૂર્ણ થયા બાદ ઈએસઆઈસીના લાભાર્થીઓ માટે રાજ્યના વિવિધ વિસ્તારોમાં ટર્સરી કેર તથા સુપર સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા વધુ સુદૃઢ બનશે.

### ૬ આરોગ્ય સંસ્થાઓ સાથે એમઓયુ

**મદ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર, ધરમપુર, વલસાડ, મદ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ અને સી. યુ. શાહ મેડિકલ કોલેજ, સુરેન્દ્રનગર, ગિરિરાજ હોસ્પિટલ ( ગિરિરાજ લાઈફકેર પ્રાઈવેટ લિમિટેડનું એક એકમ), રાજકોટ, ગોકુલ લાઇફકેર પ્રાઈવેટ લિમિટેડ, રાજકોટ, એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ લિમિટેડ, ડો. ભટ્ટ પેથોલોજી લેબોરેટરી, રાજકોટઆ પ્રસંગે ઈએસઆઈસીના સ્ટેટ મેડિકલ ઓફિસર ડો. વિજય ધાણક સહિત ઈએસઆઈસીના અધિકારીઓ, એમ્પેનલ થયેલી આરોગ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ, તબીબો, પેથોલોજિસ્ટ્સ અને સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા.**

# જંગલની જમીન અલ્ટ્રાટેકને આપવાની દરખાસ્ત નામંજૂર

## અંતે ગુજરાત સરકાર બેકફ્ટ પર : રિપોર્ટ બનાવનારા આઈ.એફ.એસ. અધિકારી પગલાં ભરાશે?



રાજકોટ, તા.૧૩

બે-ત્રણ મહિનાથી સમગ્ર ગુજરાત અને દેશભરમાં ભારે વિવાદ સર્જી ગયેલાં રાજુલા-જાફરાબાદના બાબરકોટ વિસ્તારની ૭૫ હેક્ટર રિઝર્વ ફોરેસ્ટની જમીન અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીને માઈનિંગ માટે પધરાવી દેવાનાં કૌભાંડ સમાન આયોજન પર આખરે પ્રોજેક્ટ સ્ક્રીનિંગ કમિટીએ પૂર્ણવિરામ મૂકવું પડ્યાં છે. વનવિભાગના સરકારી ચોપડે નોંધાયેલા ૨૨ નંબરના સિંહ કોરિડોરને રાતોરાત સિંહ વગરનો બતાવી કંપનીને જમીનની લહાણી કરી દેવાનો ખેલ છતો થતાં જ વનતંત્ર અને સરકાર બેકફૂટ પર આવી ગયાં છે.

કંપનીને જંગલની જમીન ફાળવી દેવાની શંકાસ્પદ દરખાસ્તની વિગતો બહાર આવતાં જ સમગ્ર ગુજરાત અને દેશભરના સિંહપ્રેમીઓ, સ્થાનિક ગ્રામજનો અને પર્યાવરણવિદોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. જે સિંહ ગુજરાતની અસ્મિતા છે, તેને જ ઉદ્યોગપતિઓના સ્વાર્થ માટે હોમાઈ રહ્યા છે તેવા પ્રહારો સાથે વનવિભાગ સામે ફિટકાર વરસાવવામાં આવ્યો હતો. આ જનઆક્રોશ અને સતત વધતા દબાણને કારણે આખરે કમિટીએ નમતું જોખવું પડયું છે.

ગત તા.૭ના ગાંધીનગર ખાતે યોજાયેલી પ્રોજેક્ટ સ્ક્રીનિંગ કમિટીની બેઠકમાં આ વિવાદાસ્પદ દરખાસ્તને સ્પષ્ટપણે નામંજૂર કરી દેવામાં આવી છે. આ નિર્ણયથી સિંહપ્રેમીઓ અને પર્યાવરણવાદીઓમાં આશ્વાસનની લાગણી વ્યાપી છે પરંતુ સાથે જ સવાલ એ પણ ઊભો થયો છે કે ખોટો રિપોર્ટ બનાવી સિંહોનું અસ્તિત્વ જોખમમાં મૂકનાર અધિકારી સામે ક્યારે અને કેવા પગલાં ભરાશે, કે કોઈ કાર્યવાહી જ નહીં થાય? નોંધનીય છે કે આ ઘટનાએ વનવિભાગની નીતિ અને દાનત સામે અનેક શંકાઓ જન્માવી છે. અગાઉ કંપનીએ વન વિભાગ પાસે દરખાસ્ત કરી હતી પરંતુ અગાઉના અધિકારીઓએ સિંહનો કોરિડોર અને કોર્ટના આદેશોને ધ્યાને રાખી જમીન આપવા સ્પષ્ટ ઈન્કાર કરી મામલો ડીસીએફ કક્ષાએ જ પૂર્ણ કરી દીધો હતો.

વનવિભાગના પોતાના જ અધિકૃત 'મેનેજમેન્ટ પ્લાન' મુજબ રાજુલા-જાફરાબાદનો બાબરકોટ વિસ્તાર એ 'કોરિડોર નંબર ૨૨' તરીકે સ્થાપિત છે, જ્યાં આશરે ૫૦થી ૭૫ જેટલા એશિયાટિક સિંહોનો કાયમી વસવાટ અને મુક્ત અવરજવર છે. આમ છતાં ધારી ગીર પૂર્વના ડીસીએફ વિકાસ યાદવ દ્વારા એવો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો કે આ વિસ્તારમાં કોઈ સિંહ કે કોરિડોર અસ્તિત્વમાં જ નથી ! એક સરકારી અધિકારી કંપનીના હિત સાચવવા માટે આવા સફેદ જૂઠ સરીખા ખોટા દસ્તાવેજો કેમ બનાવે? એ હવે તપાસનો વિષય બન્યો છે.

જો આ ૭૫ હેક્ટર રિઝર્વ ફોરેસ્ટ જમીન માઈનિંગ માટે આપી દેવાઈ હોત તો ત્યાં આવેલા ૫૦૦૦થી વધુ વિશાળ અને વૈવિધ્યસભર વૃક્ષોનું સરેઆમ નિકંદન નીકળી ગયું હોત. એટલું જ નહીં, માઈનિંગના ધડાકા અને પ્રદૂષણને કારણે ત્યાં રહેતા પચાસથી વધુ સિંહો પોતાના કુદરતી આશિયાનામાંથી બેઘર બની જાય તેમ હતા. પોતાના નૈસગક વિસ્તારમાંથી સિંહો વિસ્થાપિત થતાં આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં માનવ-સિંહ સંઘર્ષ પરાકાષ્ઠાએ પહોંચવાની ભીતિ સેવાઈ રહી હતી.

### સિંહોનો કોરિડોર હોવાનું વનતંત્રએ સ્વીકાર્યું

**ગાંધીનગર ખાતે યોજાયેલી પ્રોજેક્ટ સ્ક્રીનિંગ કમિટીની બેઠકમાં દરખાસ્ત ફગાવતી વખતે કમિટીએ સ્વીકારવું પડયું છે કે આ વિસ્તારમાં સિંહોની હાજરી છે અને તે સત્તાવાર કોરિડોર છે. આ ઉપરાંત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ નિર્દેશો અનુસાર સિંહોના સંવેદનશીલ કોરિડોર કે વસવાટની જમીન નોન-ફોરેસ્ટ અથવા માઈનિંગ હેતુ માટે આપી શકાય નહીં. અદાલતના કડક વલણ અને કાયદાકીય મજબૂરીને કારણે જ આખરે આ દરખાસ્ત કચરાના ટોપલામાં ફેંકી દેવાઈ છે.પ્રોજેક્ટ સ્ક્રીનિંગ કમિટીએ દરખાસ્ત રદ્દ કરીને જમીન તો સિંહો માટે સુરક્ષિત રાખી લીધી પરંતુ હવે અસલી સવાલ એ ઊભો થાય છે કે, જે અધિકારીએ આંખ આડા કાન કરીને, પદનો દુરૂપયોગ કરી અલ્ટ્રાટેક કંપનીને લાભ પહોંચાડવા ખોટો રિપોર્ટ આપ્યો હતો તેમની સામે શિસ્તભંગ કે ફોજદારી કાયદા હેઠળ પગલાં ક્યારે ભરાશે ? શું ઉચ્ચ સત્તાધીશો કે કંપનીના દબાણમાં આવા ભ્રષ્ટ રિપોર્ટ બનાવનારા આઈ.એફ.એસ. અધિકારી સામે સરકાર દાખલો બેસાડશે કે પછી મામલો રફેદફે કરી દેવાશે ?**

# ઘરમાં પત્તા રમવા ગુનો નથી: HC

## 'નફાનું તત્ત્વ'સાબિત ન થાય ત્યાં સુધી જુગાર ન ગણાય

અમદાવાદ, તા.૧૩

કોઈ વ્યક્તિગત ઘરમાં પત્તા રમવા એ 'ગુજરાત પ્રિવેન્શન ઑફ ગેમ્બલિંગ ઍક્ટ, ૧૮૮૭'(જુગાર ધારો) હેઠળ ગુનો બનતો નથી. સિવાય કે તે સ્થળ 'કોમન ગેમિંગ હાઉસ' તરીકે ચલાવાતી હોય અને તેમાંથી કોઈ આર્થિક લાભ કે નફો મેળવવામાં આવતો હોય.વર્ષ ૨૦૧૮માં અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાં પોલીસ દ્વારા દરોડો પડાયો હતો. પોલીસને બાતમી મળી હતી કે ત્યાં જુગાર રમાઈ રહ્યો છે. આ દરોડામાં પોલીસે ૫ વ્યક્તિને પત્તાં રમતાં પકડી પાડી હતી અને તેમની પાસેથી રોકડ રકમ તેમજ પત્તા કબજે કર્યા હતા. આ મામલે આનંદનગર પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ ૪ અને ૫ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આ કેસમાં આરોપીઓએ હાઈકોર્ટમાં ૠઈછરદ કરવા માટે અરજી કરી હતી. અરજદારોના વકીલે દલીલ કરી હતી કે, કોઈના ખાનગી ઘરમાં પત્તા રમવા માત્રથી તે 'કોમન ગેમિંગ હાઉસ' (જુગારધામ) ગણાઈ જતું નથી.આ અંગે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ પી. એમ. રાવલની કોર્ટે મહત્ત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું કે, આ પ્રકારની બાબતને ગુનો સાબિત કરવા તેમાં નફાનું તત્ત્વ જરૂરી છે. કાયદા હેઠળ કોઈ સ્થળને 'કોમન ગેમિંગ હાઉસ' (જુગારનો અડ્ડો) ત્યારે જ કહી શકાય, જ્યારે તેનો માલિક કે કબજેદાર ત્યાં પત્તા રમવા માટે કોઈ ચાર્જ વસૂલતો હોય અથવા તેમાંથી આર્થિક નફો કે લાભ મેળવતો હોય. લોકો ઘરમાં પત્તા રમે છે અને કદાચ પૈસા માટે રમે છે, તેટલી જ બાબત કોઈ ઘરને 'કોમન ગેમિંગ હાઉસ' કે જુગારનો અડ્ડો બનાવી દેતી નથી.પોલીસની ફરિયાદમાં આવી કોઈ સ્પષ્ટતા કે પુરાવા નહોતા કે જે સાબિત કરી શકે કે તે ઘરને નફાના હેતુથી જુગારના એક અડ્ડા તરીકે ચલાવાતું હતું. કોર્ટે પોલીસ દ્વારા જે રીતે સર્ચ વોરન્ટ મેળવાયું હતું, તેના પર પણ સવાલ ઉઠાવ્યા હતા. પોલીસને બાતમી મળી અને માત્ર ૨૩ મિનિટમાં વોરન્ટ મેળવીને દરોડો પડાયો.

# બાયોડીઝલના વેપાર પર SOGનો દરોડો: ૨ ઝડપાયા


## રૂડા ટ્રાન્સપોર્ટ નગરમાં ગોડાઉનમાં ઇલેક્ટ્રિક પંપ ઉભો કરી ચાલતો હતો શંકાસ્પદ પેટ્રોલિયમ પ્રવાહીનો કાળો કારોબાર ૩.૧૭ લાખના મુદ્દામાલ જપ્ત











રાજકોટ, તા.૧૩

અગાઉ બાયોડીઝલના ગેરકાયદે વેચાણના ગુનામાં પકડાઈ ચુકેલા શખ્શો ફરી રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં ફરી બાયોડીઝલનો વેપલો શરુ કર્યો હોવાની બાતમી પરથી એસઓજી અને કુવાડવારોડ પોલીસે સયુંકત રીતે દરોડો પાડી પંપના મુખ્ય સંચાલક અને વોરા સોસાયટી, જુનાગઢ રોડ, વિસાવદરના મહેરઅલી ફિરોજ બારમલ અને તેની સાથે કામ કરતા અન્ય એક કર્મચારી રાધેશ્યામ સોસાયટી શેરી નં. ૧૧, હુડકો ચોકડી, રાજકોટના રણજીત કનાભાઈ ધાંધલને ૩.૧૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરમાં ગેરકાયદે જ્વલનશીલ પદાર્થોની ખરીદ-વેચાણ અને સંગ્રહ કરતા શખ્શો પર કડક કાર્યવાહી કરવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા કડક સૂચના આપવામાં આવી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને એસીપી ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આવી સૂચના અન્વયે ઇન્ચાર્જ એસીપી બી.વી. જાધવની રાહબરીમાં એસ.ઓ.જી. (જ્ઘત્રક્ષ) અને કુવાડવા રોડ પોલીસ સ્ટેશનની ટીમે સંયુક્ત રીતે શોધખોળ શરુ કરી હતી.

દરમિયાન એસ.ઓ.જી. શાખાના હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચૌહાણ, ઉપેન્દ્રસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ શિવપાલસિંહ ઝાલાને એક ચોક્કસ સંયુક્ત બાતમી મળી હતી કે અગાઉ ગેરકાયદેસર બાયોડીઝલના વેચાણમાં પકડાઈ ચૂકેલો મહેરઅલી ફિરોજ બારમલ નામનો શખ્સ ફરીથી સક્રિય થયો હતો. તે રૂડા ટ્રાન્સપોર્ટ નગરમાં બ્રીરો રબર ઇન્ડસ્ટ્રીઝ સામે આવેલા એક ગોડાઉનમાં શંકાસ્પદ અને ભેળસેળયુક્ત જ્વલનશીલ પેટ્રોલિયમ પદાર્થનો જથ્થો બે અલગ-અલગ પ્લાસ્ટિકના કન્ટેનરમાં રાખીને ખાનગી વાહનોમાં ઈંધણ તરીકે તેનું વેચાણ કરતો હતો.

આવી બાતમીના આધારે એસ.ઓ.જી. પી.આઈ. એન.બી. ચૌધરી અને કુવાડવા રોડ પી.આઈ. એ.એન. જાનીના માર્ગદર્શનમાં તેમની ટીમ દ્વારા ગોડાઉન પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ગોડાઉનની અંદર જ ગેરકાયદેસર રીતે ઈલેક્ટ્રિક ફ્યુઅલ પંપ ઉભો કરીને આ શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહીનું ધૂમ વેચાણ થઈ રહ્યું હતું. પોલીસે સ્થળ પરથી મુખ્ય સંચાલક મહેરઅલી ફિરોજભાઈ બારમલ (રહે. વોરા સોસાયટી, જુનાગઢ રોડ, વિસાવદર) અને તેની સાથે કામ કરતા અન્ય એક કર્મચારી રણજીત કના ધાંધલ (રહે. રાધેશ્યામ સોસાયટી શેરી નં. ૧૧, હુડકો ચોકડી, રાજકોટ) ને રંગેહાથ ઝડપી લીધા હતા.

પોલીસે આ સ્થળે પરથી ૧,૬૧,૫૦૦નું ૧૯૦૦ લિટર શંકાસ્પદ જ્વલનશીલ પેટ્રોલિયમ પ્રવાહી, ૩૫ હજારનો એક ઈલેક્ટ્રિક ફ્યુઅલ પંપ, ૭૦ હજારના ૨ મોટા પ્લાસ્ટિકના કન્ટેનર, ૮૦ હજારનું એક એપલ કંપનીનું લેપટોપ ૬ હજારની એક ઈલેક્ટ્રિક મોટર ઉપરાંત પંપના મીટર રીડિંગ લખેલી નોટબુક, હિસાબની ૯ ડાયરીઓ, વેપારની વિગતો દર્શાવતા ૩૪ કાગળો, બિલબુક અને નમૂના માટેની નાની બોટલો સહિત ૩,૧૭,૬૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. કાર્યવાહી દરમિયાન જ્વલનશીલ પદાર્થનું પ્રાથમિક પરીક્ષણ કરવા અને અભિપ્રાય આપવા માટે એફ.એસ.એલ. અધિકારી સમીર જોષી, તોલમાપ અધિકારી માતંગ અને પુરવઠા અધિકારી જાડેજા પણ ઘટનાસ્થળે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બંને શખ્શો સામે કુવાડવા રોડ પોલીસમાં ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરુ કરાયો છે.

# તિરંગામય બન્યું રાજકોટ



## મનપા દ્વારા ભવ્ય 'તિરંગા યાત્રા'નું આયોજનઃ સમાજના તમામ વર્ગોની બહોળી ભાગીદારી

રાજકોટ, તા. ૧૩

લોકોમાં દેશપ્રેમ અને પોતાના તિરંગા માટેનો વટ્ટ એકદમ હાઈ લેવલ પર પહોંચાડવા માટે મહાનગરપાલિકાએ સવારે ૯ વાગ્યે અતિ ભવ્ય 'તિરંગા યાત્રા' ગોઠવી હતી, જેમાં સવાર-સવારમાં જ આખા શહેરમાં દેશભક્તિનો કિલર માહોલ જામી ગયો હતો. આ ગૌરવભરી યાત્રા બહુમાળી ભવન ચોકથી નીકળીને 'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસ રોડ અને ચૌધરી હાઈસ્કુલ ચોક થઈને સીધી જ્યુબિલી ગાર્ડનમાં ગાંધી બાપુની પ્રતિમા પાસે પહોંચીને પૂરી થઈ હતી. પણ ભાઈ, રૂટ પરનો નજારો જોવો એ એક અલગ જ લ્હાવો હતો! રેસકોર્સ રિંગ રોડથી લઈને ગાર્ડન સુધીની બધી ઈમારતો પર રાષ્ટ્રધ્વજ લહેરાતા હતા અને આખા રોડ પર જાણે તિરંગાનો મહાસાગર વહેતો હોય તેવા ભવ્ય દ્રશ્યો સર્જાયા હતા. મંચ પરથી મેયર ડો. નેહલ શુક્લ અને બાકીના મોટા માથાઓએ લીલી ઝંડી બતાવીને યાત્રા સ્ટાર્ટ કરાવી હતી. યાત્રા શરૂ થાય એ પહેલાં જ જુદી જુદી સંસ્થાઓએ રાસ-ગરબા અને આદિવાસી ડાન્સ કરીને વાતાવરણ ગરમાવી દીધું હતું, તો બીજી તરફ આખા રૂટ પર નાના સ્ટેજ બનાવીને શાળાના છોકરાઓએ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓથી રમઝટ બોલાવી દીધી હતી. આ આખી યાત્રાના સુચારુ પાઈલોટીંગ માટે આપણી પોલીસ, બેન્ડ વાળા ભાઈઓ અને ફાયર બ્રિગેડના જવાનો ફુલ તૈનાત રહ્યા હતા.આ કંઈ ખાલી નામનો કાર્યક્રમ નહોતો ભાઈ, આખી પબ્લિકે એમાં હાજરી પૂરાવી હતી! જેમાં સરકારી, પ્રાઈવેટ સ્કૂલો, કોર્પોરેશનની હાઈસ્કૂલો ને યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સ તો જોશમાં હતા જ, સાથે સાથે બિલ્ડરો, આર્કિટેક્ટ્સ, એન્જિનિયરો, ડોક્ટરોનું ઈખઅ, કેમિસ્ટ એસોસિએશન, હોટેલ-રેસ્ટોરન્ટ વાળા, ધાર્મિક સંગઠનો, ગત્રક્ષ્ઘ, સખી મંડળો, સ્પોર્ટ્સ ક્લબ, ગઈઈ, ગજ્જ અને આખા શહેરના લોકોએ ભેગા થઈને ભવ્ય રોનક જમાવી હતી. આ પ્રસંગે મેયર ડો. નેહલ શુક્લએ કીધું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૫ વર્ષ પહેલા રાષ્ટ્રભાવના માટે જે ટ્રેન્ડ શરૂ કરાવ્યો હતો, એના જ અનુસંધાને આ આયોજન કરાયું છે. એમણે ચોખ્ખી સંભળાવી દીધી કે ભારતને વિકસિત બનાવવું એ ખાલી ક્ષ્અ કે ઈખનો કોન્ટ્રાક્ટ નથી પણ આપણા સૌની જવાબદારી છે, સાથે જ શહેર ચોખ્ખું રાખવાની પણ શિખામણ આપી અને ''યે આસમાન કા ઈશારા હે, કલ કા ઉગનેવાલા સુરજ હમારા હે...'' કહીને વિરામ લીધો હતો. યાત્રા પહેલાં સ્ટેન્ડિંગ ચેરમેન પરેશભાઈ પીપળીયાએ સ્વાગત કર્યું, જ્યોત્સનાબેન ટીલાળા અને રાજેશ્રીબેન માલવિયાએ મહેમાનોનું સન્માન કર્યું અને આખી ઈવેન્ટનું મસ્ત સંચાલન સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષભાઈ ભટ્ટએ પતાવ્યું હતું.

## તિરંગા યાત્રામાં મંત્રીઓ-સાંસદની ગેરહાજરી

મહાનગરપાલિકા દ્વારા આયોજિત તિરંગા યાત્રા દર વર્ષની જેમ આ વખતે પણ વિદ્યાર્થીઓના અદ્ભુત જુસ્સા અને દેશભક્તિના માહોલ વચ્ચે નીકળી હતી. પરંતુ, આ યાત્રામાં પહેલીવાર કોઈ મંત્રી દરજ્જાના રાજકીય અગ્રણી કે સ્થાનિક સાંસદ હાજર ન રહેતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ગુજરાત સરકારના મંત્રીમંડળમાં રાજકોટનું પ્રતિનિધિત્વ ઘટી ગયું હોવાની અસર હવે મહાપાલિકાના આયોજનોમાં પણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે. તિરંગા યાત્રાના આમંત્રણ પત્રિકામાં વિશેષ ઉપસ્થિતિ તરીકે પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીનું નામ છાપવામાં આવ્યું હતું. જોકે, તેમની હાજરી પહેલેથી જ અનિશ્ચિત હોવા છતાં કાર્ડ માત્ર 'લોકલ' ન લાગે તે માટે જ તેમનું નામ ઉમેરાયું હોવાનું બાદમાં ચર્ચાતું હતું. આ ઉપરાંત સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા પણ યાત્રામાં ઉપસ્થિત રહ્યા ન હતા. આ મામલે જવાબદારોનું એવું બહાનુ હતું કે સમગ્ર રાજ્યમાં તિરંગા યાત્રાઓ ચાલુ હોવાથી ગાંધીનગરથી કોઈ આવી શક્યું ન હતું.મેયર સિવાય અન્ય કોઈનું પ્રવચન પણ રાખવામાં આવ્યું ન હતું. જેથી આખો કાર્યક્રમ એકંદરે ભપકા વગરનો અને ઠંડો લાગ્યો હતો. આમ છતાં, વિદ્યાર્થીઓ અને નાગરિકોની હાજરીના કારણે સમગ્ર રૂટ પર દેશભક્તિનો માહોલ જરૂર સર્જાયો હતો.











# ઢાંકની સીમમાં જુગાર દરોડોઃ ૬ ઝડપાયા

## ૭૬,૯૦૦ ના મુદ્દામાલ સાથે દબોચતી ભાયાવદર પોલીસ

રાજકોટ, તા.૧૩

રાજકોટ ગ્રામ્ય પોલીસ કંટ્રોલ રૂમના ક્રાઈમ રિપોર્ટ અનુસાર, ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ઉપલેટા તાલુકાના ઢાંક ગામની સીમમાં પોલીસે જુગારધામ પર દરોડો પાડીને ૬ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. ભાયાવદર પોલીસ સ્ટેશનથી પશ્ચિમે ૧૭ કીમી દૂર ઢાંક ગામની સીમમાં, વાવડીની વાવ નેશ જવાના કાચા રસ્તે આવેલા રામાપીરના મંદિર પાછળ ખરાબામાં વડલાના ઝાડ નીચે કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળી હતી.

આ દરોડા દરમિયાન આરોપીઓ જાહેરમાં ગંજીપત્તાના પાના અને પૈસા વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ ૧૬,૪૦૦, ગંજીપત્તાના પાના તેમજ ૬૦૫૦૦ના ૬ મોબાઈલ ફોન મળીને ૭૬,૯૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં ભાયાવદર પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ અજયભાઈ બાબુભાઈ સોરઠીયા ફરિયાદી બન્યા છે. ભાયાવદર પોલીસે જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધીને કેસની વધુ તપાસ એ.એસ.આઈ. એસ.વી. જાડેજાને સોંપી છે.

પોલીસે ૬ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. જેમાંના ત્રણ પકડાઈ ગયા હતા. જેમાં ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમભા માનસંગસિંહ વાળા (ઉ.વ. ૩૨, રહે. પ્રાસલા), કેશુભાઈ ઉર્ફે જોન્ટી હરદાસભાઈ ઓડેદરા (ઉ.વ. ૩૯, રહે. પ્રાસલા) અને ભુપતભાઈ ઉર્ફે પંકજ મોહનભાઈ દેવાણીયા (ઉ.વ. ૪૨, રહે. ખારચીયા) નો સમાવેશ થાય છે. જ્યારે અન્ય ત્રણ આરોપીઓ રમેશ સોમાભાઈ ગુજરાતી, રણજીત હરસુખભાઈ અને રવિ ભલા પરમાર (ત્રણેય રહે. ખારચીયા) ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા બાદ પકડાઈ ગયા હતા.

# શાપર (વેરાવળ)માં ગેરકાયદેસર ફટાકડાના વેપાર પર SOG ત્રાટક્યું

## પ્રગતિ મોલમાંથી રૂ. ૧.૨૫ લાખથી વધુના ફટાકડા સાથે જયસુખ સોલંકીની ધરપકડ



રાજકોટ, તા.૧૩

રાજકોટ ગ્રામ્ય પોલીસની એસ.ઓ.જી. (જ્ઞ્ઘત્રક્ષ) બ્રાંચે શાપર પોલીસ સ્ટેશન વિસ્તારના વેરાવળ ગામે આવેલ પ્રગતી મોલમાંથી ગેરકાયદેસર ફટાકડાનો જથ્થા સાથે વેરાવળ ગામ, નવદીપ મોલની બાજુમાં, તા. કોટડા સાંગાણી)ના જયસુખ રણછોડ સોલંકીને દબોચી લીધો હતો.એસ.ઓ.જી. શાખાને હ્યુમન સોર્સના આધારે ચોક્કસ બાતમી મળી હતી કે વેરાવળ મેઈન રોડ પર આવેલા પ્રગતી મોલના બીજા માળે દુકાન નં-૨૩૨ માં લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે ફટાકડાનું વેચાણ થઈ રહ્યું છે. આ હકીકતના આધારે એસ.ઓ.જી. પી.આઈ. એફ.એ. પારગી, પી.એસ.આઈ. જી.જે. ઝાલા, એ.એસ.આઈ. વિપુલભાઈ ગુજરાતી, અને કોન્સ્ટેબલ રણજીતભાઈ ધાધલ, વિપુલભાઈ ગોહિલ અને નવદિપભાઈ બાબરીયાની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન ત્યાંથી જમીનમાં ફૂટી શકે તેવા અલગ અલગ પ્રકારના સ્ફોટક ફટાકડા મળી આવ્યા હતા. આરોપીએ કોઈપણ પ્રકારના લાયસન્સ કે આધાર વગર અને ફાયર સેફ્ટીના સાધનો રાખ્યા વિના, પોતાની તથા અન્ય લોકોની જીંદગી જોખમમાં મૂકીને આ ફટાકડા વેચાણ અર્થે રાખ્યા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ઘટનાસ્થળેથી ૧,૨૫,૯૭૫ના વિવિધ પ્રકારના સ્ફોટક ફટાકડાનો મુદ્દામાલ સીઝ કરી જયસુખ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. રાજકોટ રેન્જના ડી.આઈ.જી. નિર્લિપ્ત રાય અને પોલીસ અધીક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ ગેરકાયદેસર ફટાકડા વેચતા ઈસમો પર કાર્યવાહી કરવાની સૂચનાને ધ્યાને લઈને દરોડો પડાયો હોવાની વિગતો મળી હતી.

# PGVCLની કચેરીનું ઉદઘાટન અટકાતાં રાજકારણ ગરમાયું

## ૫ કરોડના ખર્ચે તૈયાર બિલ્ડિંગનું લોકાર્પણ ન થતાં કોંગ્રેસનો હલ્લાબોલ

રાજકોટ, તા. ૧૩

જામનગર રોડ પર પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (ઙ્રત્ક્ષ્ટઈક) દ્વારા કરોડો રૂપિયાના અંદાજિત ખર્ચે નિર્માણ પામેલી નવી કચેરીઓનું લોકાર્પણ અટકી પડતાં વિવાદ સર્જાયો છે. માધાપર અને બેડીનાકા સબ-ડિવિઝન માટે તૈયાર કરાયેલી આ કચેરીઓનું કામ પૂર્ણ થઈ ગયું હોવા છતાં, બે મહિનાથી ઉદઘાટન ન થતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ મુદ્દે કોંગ્રેસે ઙ્રત્ક્ષ્ટઈક કચેરીએ પહોંચીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. જામનગર રોડ પર આવેલી ઙ્રત્ક્ષ્ટઈકની માધાપર અને બેડીનાકા સબ-ડિવિઝન કચેરીનું નિર્માણ અંદાજે રૂ. ૪ થી ૫ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. આ નવી અને આધુનિક કચેરીઓ તૈયાર થઈ ગઈ તેને બે મહિના જેટલો સમય વિતી ચૂક્યો છે, છતાં પણ હજુ સુધી તેને સામાન્ય જનતા અને વીજ ગ્રાહકો માટે કાર્યરત કરવામાં આવી નથી.નવી ઓફિસો શરૂ ન થવાના વિરોધમાં કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ અલગ-અલગ સુત્રોચ્ચાર લખેલા બેનરો સાથે ઙ્રત્ક્ષ્ટઈકની કચેરી ખાતે પહોંચ્યા હતા. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે કરોડો રૂપિયાના જાહેર જનતાના નાણાંનો ખર્ચ કરીને બિલ્ડિંગ તૈયાર કરી દેવાયું છે, છતાં નેતાઓના સમય કે ઉદઘાટનની તારીખોના વાંકે કામગીરી અટકાવી રાખવામાં આવી છે. કોંગ્રેસ અગ્રણીઓએ તાત્કાલિક ધોરણે આ કચેરીઓ શરૂ કરીને ગ્રાહકોને સુવિધા પૂરી પાડવા અધિકારીઓને રૂબરૂ રજૂઆત કરી હતી. આ નવી કચેરીઓ શરૂ થવાથી જામનગર રોડ, માધાપર અને બેડીનાકા વિસ્તારના હજારો વીજ ગ્રાહકોને નવા કનેક્શન, બિલિંગ સંબંધિત પ્રશ્નો અને વીજ સમસ્યાઓની રજૂઆત માટે મોટો ફાયદો થશે. હાલમાં તંત્ર દ્વારા ૧૫-૨૦ દિવસની આપવામાં આવેલી મુદત બાદ આ કચેરીઓ કાર્યરત થાય છે કે કેમ તેના પર સૌની નજર રહેશે.કોંગ્રેસના વિરોધ પ્રદર્શન અને રજૂઆત બાદ ઙ્રત્ક્ષ્ટઈકના જવાબદાર અધિકારીએ આ સમગ્ર બાબતે સ્પષ્ટતા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, કચેરીનું મુખ્ય સિવિલ અને બાંધકામનું કામ સંપૂર્ણપણે પૂરું થઈ ગયું છે. બિલ્ડિંગમાં હજુ પણ વાયરિંગ, ઈન્ટરનેટ કનેક્ટિવિટી, ફર્નિચર સેટઅપ અને અન્ય નાનાં-મોટાં ફિનિશિંગના કામો પ્રક્રિયા હેઠળ છે. આ તમામ આંતરિક કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ કરી દેવામાં આવશે અને આગામી ૧૫ થી ૨૦ દિવસની અંદર બંને નવી કચેરીઓ (માધાપર અને બેડીનાકા સબ-ડિવિઝન) લોકાર્પણ કરીને વિધિવત રીતે શરૂ કરી દેવામાં આવશે.



# લોકમેળોની તડામાર તૈયારીઓ શરૂ

## રમકડાના તમામ સ્ટોલની ફાળવણી પૂર્ણ, ૧૫થી વધુ સ્થળોએ ફ્રી પાર્કિંગ અને ૧૪ વોચટાવર સાથે કડક સુરક્ષા વ્યવસ્થા

રાજકોટ, તા. ૧૩

રાજકોટ કલેક્ટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા શહેરના ઐતિહાસિક રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત આગામી જન્માષ્ટમીના લોકમેળાને લઈને તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. મેળાના આયોજનને આખરી ઓપ આપવાના ભાગરૂપે આજથી પ્લોટ અને સ્ટોલની ડ્રો તથા હરાજી બાદ બાકી રહેલા રમકડાના ૧૧ સ્ટોલની પણ સફળતાપૂર્વક ફાળવણી કરી દેવામાં આવી છે. આ સાથે જ 'બી' કેટેગરીના રમકડાના તમામ સ્ટોલની ફાળવણી પૂર્ણ થવા પામી છે, જ્યારે ખાણીપીણીના બાકી રહેલા સ્ટોલની ફાળવણી પણ આગામી ટૂંક સમયમાં જ કરી દેવામાં આવશે.

દર વર્ષે લોકમેળાની રંગત માણવા માટે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લાખોની જનમેદની ઉમટી પડતી હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વાહનચાલકોની સુવિધા માટે ૧૫થી વધુ સ્થળો પર ફ્રી પાર્કિંગની વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે, જ્યાં વાહનોની સુરક્ષા જળવાઈ રહે તે માટે સિક્યુરિટી ગાર્ડ પણ તૈનાત રહેશે. સમગ્ર મેળાગ્રાઉન્ડ પર બાજ નજર રાખવા માટે ૧૪ વોચટાવર ઊભા કરવામાં આવશે. આ વર્ષના મેળાનું મુખ્ય આકર્ષણ અને વિશેષતા એ રહેશે કે, લોકમેળાના ઈતિહાસમાં સૌપ્રથમવાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (અઈ) મારફતે ક્રાઉડ મેનેજમેન્ટ અને સુરક્ષાનું મોનિટરિંગ કરવામાં આવશે.

મેળામાં આવતા મુલાકાતીઓની સુરક્ષા, ફાયર સેફ્ટી અને ઈમરજન્સી સેવાઓ માટે વિશેષ કોરિડોર સહિતના કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, સમગ્ર ગ્રાઉન્ડમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે 'રાઉન્ડ ધ ક્લોક' (૨૪ કલાક) સફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે. મુલાકાતીઓના આરોગ્યને ધ્યાને રાખીને તેમને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો મળી રહે તે માટે ફૂડ વિભાગ દ્વારા પણ વિશેષ તપાસ અને કડક પગલાં લેવામાં આવશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# વોર્ડ ઓફિસ મોજે-દરિયા!

## શરાબ-સુંદરીના ખેલ:અધિકારીઓ પર ધાક જમાવવા શાસનને પડકાર

રાજકોટ મહાનગરપાલિકા ફરી એકવાર ગંભીર અને શરમજનક વિવાદના વટોળમાં ઘેરાઈ છે. શહેરના સામાકાંઠા વિસ્તારમાં આવેલી એક વોર્ડ ઓફિસમાં બનેલી ઘટનાએ સમગ્ર વહીવટી તંત્રને હચમચાવી મૂક્યું છે. સરકારી કચેરીઓ હંમેશાં પ્રજાની સેવા, પ્રશ્નોના નિરાકરણ અને વિકાસકામો માટે હોય છે. પરંતુ અહીં વોર્ડ ઓફિસના ઈન્ચાર્જ અધિકારી અને એક પરિણીત મહિલા સફાઈ કર્મચારી વચ્ચે સરકારી કચેરીની અંદર જ ચાલતી કથિત પ્રેમલીલાથી મનપાની છબી ખરડાઈ છે. ઓફિસ સમય દરમિયાન લેવાયેલી અશ્લીલ તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ભારે ખળભળાટ મચી ગયો છે. સરકારી ધામ ગણાતી કચેરી અસામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે.

આ કિસ્સામાં વધુ તપાસ કરતાં અત્યંત ચોંકાવનારી અને શરમજનક વિગતો પ્રકાશમાં આવી રહી છે. કચેરીના સરકારી કબાટમાંથી દારૂનું ક્વાર્ટર મળી આવ્યાનો વીડિયો પણ સામે આવ્યો છે. રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ કરવાનો દાવો થાય છે. તેવામાં સરકારી કચેરીના ટેબલ-કબાટમાંથી દારૂ મળી આવવો એ અત્યંત ગંભીર બાબત છે. છકી ગયેલા અધિકારીઓને હવે કાયદા, શિસ્ત કે વહીવટી શાસનનો કોઈ ડર રહ્યો નથી. સરકારી કચેરીઓ મોજે દરિયા કરવાનું સ્થળ બની ગઈ હોય તેમ અધિકારીઓ સંપૂર્ણપણે બેફામ બન્યા છે. પ્રજાના કરવેરાના નાણાંથી ચાલતા વહીવટમાં આ પ્રકારનું વર્તન અને દારૂનું સેવન ક્યારેય ચલાવી શકાય નહીં. આ ઘટનાથી સામાન્ય નાગરિકો અને કરદાતાઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

સૌથી મોટો અને ગંભીર પ્રશ્ન એ ઊભો થાય છે કે આટલો મોટો કાંડ જાહેર થયો હોવા છતાં જવાબદારો સામે હજુ સુધી દાખલારૂપ કડક પગલાં કેમ લેવાયા નથી? વહીવટી તંત્ર અને ઉચ્ચ અધિકારીઓની ધાક સાવ ઓછી થઈ ગઇ હોય તેવું સ્પષ્ટ જણાય છે. કાંડ જાહેર થયા પછી પણ શિસ્તભંગ કે કાયદાકીય ગુનો નોંધવામાં વિલંબ થઈ રહ્યો છે. જો વહીવટી શાસન સમયસર અને દાખલારૂપ કાર્યવાહી નહીં કરે, તો સમગ્ર મનપાનું શાસન વધુ બદનામ થશે. આવા બેજવાબદાર અને ભ્રષ્ટ કર્મચારીઓના કારણે સમગ્ર મનપા તંત્રની નિષ્ઠા અને કાર્યપદ્ધતિ પર સવાલો ઊભા થયા છે.

આ સમગ્ર બનાવ પર સર્વગ્રાહી અને નિષ્પક્ષ સમીક્ષા કરવી અનિવાર્ય બની ગઈ છે. માત્ર નામમાત્રની તપાસના નાટકો કરવાને બદલે દોષિત અધિકારીઓ સામે કડક કાયદાકીય, શિસ્તભંગના અને ખાતાકીય પગલાં ભરાવા જોઈએ. સરકારી મિલકત, સ્થાન અને પદનો દુરુપયોગ કરનારા અધિકારીઓ પર વહીવટી ધાક બેસાડવી ખૂબ જરૂરી છે. જો રાજકોટ મનપા પોતાના શાસનની ગરિમા જાળવવા માંગતી હોય, તો આ મામલે ત્વરિત કડક પગલાં ભરીને સમાજમાં અને કર્મચારીઓમાં એક સ્પષ્ટ સંદેશો આપવો જ પડશે.

# અકાલી દળના સુખબીર સિંહ બાદલ પર હુમલો

## મહારાષ્ટ્રના નાંદેડમાં તેમના પર હુમલો થયો હતો. બાદલને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે

નવીદિલ્હી, તા. ૧૩

મહારાષ્ટ્રના નાંદેડમાં પંજાબના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને શિરોમણી અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલ પર હુમલો થયો છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. નાંદેડ શહેર નજીક માતા સાહેબ ગુરુદ્વારા સંકુલમાં એક નિહંગ શીખે તેમના પર કિરપાણથી હુમલો કર્યો હતો. આ હુમલામાં સુખબીર સિંહ બાદલના ડ્રાઇવરને પણ ઈજા પહોંચી છે. તેમને સારવાર માટે નાંદેડની યશોસાઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. અહેવાલો અનુસાર, બાદલને હાથમાં ઈજા થઈ છે. હુમલાનું કારણ હાલમાં અજ્ઞાત છે. પોલીસે તપાસ શરૂ કરી છે અને હુમલાખોરની શોધ કરી રહી છે. સુખબીર બાદલ ગુરુદ્વારામાં દર્શન કરવા પહોંચ્યા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. બાદલની સુરક્ષા માટે તૈનાત એક સુરક્ષા ગાર્ડને પણ ઈજા થઈ હતી. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને નાંદેડ પોલીસ તરફથી હુમલાની માહિતી મળી હતી.



અહેવાલો અનુસાર, સુખબીર સિંહ બાદલ અને તેમનો પરિવાર પવિત્ર શીખ તીર્થસ્થાન નાંદેડમાં તખ્ત સચખંડ શ્રી હઝુર સાહિબ ગુરુદ્વારામાં દર્શન અને દર્શન કરવા ગયા હતા. જેમ જેમ તેઓ ગુરુદ્વારા માતા સાહિબ કૌર પાસે પહોંચ્યા, ત્યારે એક અજાણ્યા હુમલાખોરે તેમના પર કિરપાણથી હુમલો કર્યો. નાંદેડમાં સ્થિત હઝુર સાહિબ, શીખો માટે પાંચ સૌથી પવિત્ર અને સર્વોચ્ચ તખ્તોમાંનું એક માનવામાં આવે છે. સુખબીર સિંહ બાદલ ગુરુદ્વારામાં સેવા આપવા અને પૂજા કરવા માટે ત્યાં આવ્યા હતા.

સુખબીર સિંહ બાદલ પર પણ બે વર્ષ પહેલા હુમલો થયો હતો. ૪ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, સુખબીર સિંહ બાદલ પર અમૃતસરના સુવર્ણ મંદિરની બહાર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જ્યારે તેઓ અકાલ તખ્ત દ્વારા લાદવામાં આવેલી ધાર્મિક સજાના ભાગ રૂપે રક્ષક ફરજ બજાવી રહ્યા હતા, ત્યારે નારાયણ સિંહ ચૌરા નામના હુમલાખોરે તેમને ગોળી મારી દીધી હતી. સુરક્ષા કર્મચારીઓ અને નજીકના લોકોએ હુમલાખોરને ઝડપથી પકડી લીધો હતો. મહારાષ્ટ્રના નાંદેડમાં શિરોમણી અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલ પર હુમલો કરવામાં આવ્યો હતો. બાદલને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# ૧૯ દિવસમાં લોકસભામાં ૧૯ કલાક પણ કામ ન થયું

## રાજ્યસભા ખરાબ હાલતમાં: રાજકીય ઝઘડામાં કરદાતાઓના ૧૭૫ કરોડ રૂપિયા વેડફાયા

નવીદિલ્હી, તા. ૧૩

સંસદનું ચોમાસુ સત્ર આજે, ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ પૂર્ણ થયું. ફરી એકવાર, બંને ગૃહોમાં ભારે હોબાળો જોવા મળ્યો. વંદે માતરમ ગાયા પછી લોકસભા સ્થગિત કરવામાં આવી, જ્યારે રાજ્યસભામાં લગભગ એક કલાક સુધી ચર્ચા થઈ. આ ચોમાસુ સત્ર અરાજકતાથી ભરેલું રહ્યું. દાનની ચોરી, વિદ્યાર્થીઓના વિરોધ અને જંતર-મંતર પર લાઠીચાર્જ અને ઝ્રૈંછ્ઞ બિલ જેવા મુદ્દાઓ સૌથી વધુ ચર્ચાસ્પદ મુદ્દાઓમાંના એક હતા. બંને ગૃહોમાં ખૂબ જ ઓછું કામ થયું. ડ્ઢજી લેજિસ્લેટિવ રિસર્ચ અનુસાર, આ સત્ર માટે કુલ ૧૯ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દરેક બેઠકમાં કુલ ૧૧૪ કલાક કામ થયું હતું. જોકે, હોબાળો, સૂત્રોચ્ચાર અને વારંવાર સ્થગિત થવાને કારણે, બંને ગૃહો આ લક્ષ્યાંકથી ઓછા રહ્યા. માહિતી અનુસાર, આ સત્ર દરમિયાન કુલ ૧૭૩ કલાક અને ૧૦ મિનિટનો સમય બગાડવામાં આવ્યો. દરમિયાન, રાજકારણીઓ વચ્ચેની ચર્ચાઓથી કરદાતાઓને આશરે ₹૧૭૫ કરોડનું નુકસાન થયું. હા, ગૃહનું યોગ્ય સંચાલન ન થવાને કારણે સામાન્ય માણસના નાણાંનું નુકસાન થયું.



લોકસભામાં પણ આવી જ હોબાળો જોવા મળ્યો. ઘણા મહત્વપૂર્ણ બિલો પર ચર્ચા ખોરવાઈ ગઈ હતી, અને જે બિલો પસાર થવાના હતા તે બિલો પર પણ યોગ્ય રીતે ચર્ચા થઈ શકી ન હતી. ગૃહ લગભગ દરરોજ બપોરે ૧૨ વાગ્યે, પછી બપોરે ૨ વાગ્યે અને ક્યારેક સાંજે ૫ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવતું હતું. અંતિમ દિવસે પણ, શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેનો મડાગાંઠ ઉકેલાઈ ન હતી, જેના કારણે લોકસભા અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવી પડી હતી. કાયદાકીય કાર્યની દ્રષ્ટિએ, સરકારે બંને ગૃહો દ્વારા ૧૨ બિલો પસાર કર્યા. આમાં જાહેર પરીક્ષાઓમાં અન્યાયી માધ્યમોનું નિવારણ, રાષ્ટ્રીય સન્માન, જન્મ અને મૃત્યુ નોંધણી, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યા, ખજખઊ, કરવેરા, બેંકર્સના પુરાવા પુસ્તકો, ટ્રિબ્યુનલ સુધારા, કેરળ નામ પરિવર્તન, ગઈઉઈ અને ખખઉછ સુધારા બિલનો સમાવેશ થાય છે. જોકે, ચર્ચાના મોરચે, લોકસભામાં ફક્ત છેતરપિંડી અટકાવવા માટેના બિલ પર જ ચર્ચા થઈ હતી, અને અંતિમ દિવસે પણ હોબાળો ચાલુ રહ્યો. ખખઉછ સુધારા બિલ પસાર થયા પછી રાજ્યસભા સ્થગિત થઈ ગઈ. દરમિયાન, મલ્લિકાર્જુન ખડગેએ તેમના હલ્દવાની કાર્યક્રમ પછી પોડિયમના કથિત શુદ્ધિકરણનો મુદ્દો ઉઠાવ્યો.

રાજ્યસભાના ડેટા પણ સત્રની સ્થિતિ દર્શાવે છે. સભ્યોને ૨૮૫ પ્રશ્નો, ૩૮૦ શૂન્ય કલાક પ્રસ્તાવો અને ૩૮૦ ખાસ ઉલ્લેખો ઉઠાવવાની તક મળી હતી. જોકે, ગૃહમાં ફક્ત ૧૬ પ્રશ્નો, ૫૨ શૂન્ય કલાક પ્રસ્તાવો અને ૯૩ ખાસ ઉલ્લેખો ઉઠાવવામાં આવ્યા હતા. આનો અર્થ એ થયો કે કામકાજ માટે ફાળવવામાં આવેલી સંસદીય જગ્યાનો નોંધપાત્ર ભાગ વણવપરાયેલ રહ્યો. બાર બિલ પસાર થયા, પરંતુ ચર્ચા મર્યાદિત રહી.

# અરુણાચલ સરહદ પરની સ્થિતિ અંગે ચીનની તાકીદ

## ચીનના વિદેશ મંત્રાલયે લશ્કરી પ્રવૃત્તિઓમાં વધારો કરવાનો ઈનકાર કર્યો છે

નવીદિલ્હી, તા. ૧૩.

અરુણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ પર વધતા તણાવ વચ્ચે, ચીને દાવો કર્યો છે કે સરહદ પરની સ્થિતિ હાલમાં સામાન્ય અને સ્થિર છે. જો કે, ચીને અરુણાચલના વિવાદિત વિસ્તારોમાં લશ્કરી પ્રવૃત્તિઓમાં વધારો કરવાના અહેવાલોની પુષ્ટિ કરવાનો ઇનકાર કર્યો હતો. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને બુધવારે બેઇજિંગમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આ નિવેદન આપ્યું હતું. તેમને ભારતીય સોશિયલ મીડિયા પર દેખાતા વીડિયો વિશે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, જેમાં ચીનના સૈનિકોની વધેલી પ્રવૃત્તિઓ સરહદની નજીક દેખાતી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ગુઓએ જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે ભારત અને ચીન વચ્ચે સરહદી બાબતો પર પરામર્શ અને સંકલન માટે કાર્યકારી મિકેનિઝમની ૩૬મી બેઠક યોજાઈ હતી. બંને દેશો રાજદ્વારી અને લશ્કરી માધ્યમો દ્વારા કનેક્ટિવિટી જાળવવા અને સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવા સંમત થયા છે.

ચીનનું આ નિવેદન ભારતના સ્ટેન્ડના એક દિવસ પછી આવ્યું છે, જેમાં નવી દિલ્હીએ કહ્યું હતું કે ચીન સાથેની સરહદ હજુ પણ ગંભીર ચિંતાનો વિષય છે. ભારતે સ્પષ્ટપણે કહ્યું હતું કે બંને દેશો વચ્ચેના વ્યાપક સંબંધો માટે કઅઈ પર શાંતિ અને સ્થિરતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. દરમિયાન, અરુણાચલ પ્રદેશના ઉપલા સુબાનસિરી વિસ્તારમાં ચીની સૈનિકોની વધતી જતી પ્રવૃત્તિઓના અહેવાલો પણ સામે આવ્યા છે. ચીન અરુણાચલ પ્રદેશનો દાવો કરે છે અને તેને દક્ષિણ તિબેટ કહે છે. ભારત ચીનના આ દાવાને સતત ફગાવી રહ્યું છે.

તાજેતરમાં, ચીને અરુણાચલ પ્રદેશમાં ૨૭ સ્થળો અને ભૌગોલિક વિસ્તારોના ભારતીય નામોના સત્તાવાર ઉપયોગ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. ભારતે જવાબ આપ્યો હતો કે અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે અને આ વાસ્તવિકતાને કોઈ બદલી શકતું નથી.

૨૦૨૦ના ગેલ્વેનાઈઝ્ડ સંઘર્ષ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં મોટો તણાવ હતો. આ પછી, લશ્કરી અવરોધ લાંબા સમય સુધી કઅઈ પર રહ્યો. ઑક્ટોબર ૨૦૨૪ માં, ડેપ્સાંગ અને ડેમચોકના બાકીના વિવાદિત વિસ્તારો અંગે બંને દેશો વચ્ચે છૂટાછેડા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ કાઝાનમાં મળ્યા હતા.



બંને દેશો હવે ધીમે ધીમે સંબંધોને સામાન્ય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ અરુણાચલ પ્રદેશ અને કઅઈ પર તણાવ હજુ પણ એક મોટો પડકાર છે. અરુણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ પર તણાવના અહેવાલો વચ્ચે, ચીને કહ્યું છે કે સરહદ પરની સ્થિતિ હાલમાં સામાન્ય અને સ્થિર છે. ચીનના વિદેશ મંત્રાલયે લશ્કરી પ્રવૃત્તિઓમાં વધારો કરવાનો ઈનકાર કર્યો છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# શ્રાવણી સત્સંગ

## શિવ એવું અહર્નિશ અવિનાશી તત્વ છે, કે જેનું સાકાર અને નિરાકાર બંને સ્વરૂપ લોકપ્રિય છે



હે દેવાધિદેવ મહાદેવ.

સૌનાં હ્રદયમાં કરુણા રુપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલથી શ્રાવણ માસ શરૂ થઈ ગયો છે, અને લોક હૃદયમાં ઓમ નમઃ શિવાયનાં નાદથી ધ્રુજતી ભીતરી ધરા ભક્તિ ભાવથી ભીંજાઈ રહી છે. શિવ તત્ત્વ વિશે આપણે તો શું લખી શકીએ? કારણકે ગંધર્વરાજ પુષ્પદંત લખે છે કે, મા શારદા શિવ વિશે લખે તોય એનો અંત આવે નહીં એવું અહર્નિશ અવિનાશી તત્વ છે, એનાં સ્મરણ માત્રથી હ્રદયની મલિનતા ઓછી થતી જાય છે, અને જીવ શુભ તત્વ પ્રેરિત થતો જાય છે. બ્રહ્મમુરારિ સુરાર્ચિત લિંગં

નિર્મલભાસિત શોભિત લિંગમ્મ જન્મજ દુઃખ વિનાશક લિંગં,તત પ્રણમામિ સદાશિવ લિંગમ્. લિંગાષ્ટકની શરુઆત જ કહે છે કે આ કોઈ માત્ર પત્થરનાં ટૂકડાની વાત નથી! 'લિંગ એટલે જેનાં દ્વારા કોઈ અગોચર તત્ત્વની ઓળખ થાય, અથવા જેનામાં સમગ્ર સૃષ્ટિનો લય થાય તે. આમ તો શિવલિંગ નિરાકાર પરમ તત્ત્વનું સાકાર પ્રતીક છે, અને જે આદિ છે, મધ્ય છે, અને જેનો કોઈ અંત નથી, પરંતુ નિરાકાર કરતાં નિરામયી સ્વરૂપ છે, કે જેના દર્શન માત્રથી ભીતરે ભક્તિની ગંગા વહે છે. શિવશંકરનું ગુણગાન યુગો યુગોથી દેવ દેવીઓ મહર્ષિઓ, બ્રહ્મર્ષીઓ, મુનિઓ, ગાંધર્વો ,કિન્નરો, તેમજ દાનવો પણ કરતાં આવ્યાં છે.

સાકાર સ્વરૂપની વાત કરીએ તો કૈલાશ પર સ્થિત એવાં ભગવાન શંકરની ધ્યાનસ્થ મુદ્રા દેખાય. જેમાં ભગવાન શંકર મૃગચર્મ પર બિરાજમાન છે, હાથમાં ત્રિશૂળ છે, ભાલમાં બીજનો ચંદ્ર ચમકે છે, જેને ત્રીજી આંખ પણ છે, જટામાંથી ગંગધાર વહે છ, જેના ગળામાં સર્પ અને મુંડ માળ છે, જે દિગંબર છે. સો સો સૂર્ય જેમ જેનાં અંગોની કાંતિ દેદીપ્યમાન છે, એ તેજ કપુર જેમ મહેકે પણ છે. આ ઉપરાંત આપણે એનાં ત્રિગુણાતિત સ્વધર્મને પણ આદર્શોથી આલેખ્યો છે. જીવ માત્રને પ્રેરણા આપે એવાં નામથી નવાજ્યા પણ છે! પરંતુ એક સીધો પ્રશ્ન થાય કે હકીકતમાં આ શિવશંકર છે કોણ? અને મને એ સ્વરૂપ પ્રત્યે આટલું આકર્ષણ શું કામ છે?

તો શિવ તત્વને ખુદ શિવ એ પોતાના મુખે જ પોતાનાં પ્રધાન ગણ નંદીને આ કથા સંભળાવી, નંદી એ સનત કુમારોને આ શિવ કથા સંભળાવી. સનત કુમારો એ આ શિવ કથા વેદ વ્યાસને સંભળાવી, અને તેમણે આ આખી કથાનું ક્રમમાં આલેખન કર્યું છે. વેદ વ્યાસે આ શિવકથા સૂતજીને આપી અને સૂતજીએ નૈમિષારણ્યમાં આ શિવ કથા ૮૮૦૦૦ ઋષિમુનિઓને સંભળાવી, જે સૂત શૌનકનાં સંવાદ તરીકે આપણને ઉપલબ્ધ છે.

સનાતન ધર્મમાં અઢાર પુરાણની વાત છે, જેમાં ચોથા સ્થાને રહેલ શિવ પુરાણ સુપ્રસિદ્ધ અને મુખ્ય પુરાણ છે. જેમાં પરાત્પર પરબ્રહ્મ પરમેશ્વરના અત્યંત કલ્યાણકારી સ્વરૂપ તરીકે શિવ સ્વરૂપનું સાત્વિક તાત્વિક વિવેચન કરી, અને કંઈક રહસ્યો ને ઉદઘાટિત કરનારો શિવ મહિમા ગાયો છે! અને તેથી આપણને જ્ઞાત થાય કે શિવશંકર એ માત્ર કોઈ પૌરાણિક દેવ માત્ર નથી, પરંતુ જીવમાત્ર માં રહેલા પંચભૂતની પૃષ્ટિ કરનાર મુખ્ય પંચદેવ માંના એક છે. આ ઉપરાંત ભગવાન શિવ સર્વ કલા ઓમા પ્રવિણ છે, આગમ નિગમ સર્વ શાસ્ત્રમાં જેનો મહિમા ગવાયો છે. ચારે વેદ પણ શિવ નામનાં પરમ તત્વની પુષ્ટિ કરતાં કહ્યું કે, શિવ અવ્યક્ત છે, અજન્મા છે, અને છતાં વિશ્વ પ્રંપચનાં સૃષ્ટા છે, એટલે કે સર્જક છે,પાલક અને સંહારક છે. વેદોની શ્રુતિ એ જીવનાં સાશ્વત સત્ય ને ઉદઘાટિત કરતાં કહ્યું કે શિવ સ્વયંભૂ છે, ત્રિગુણાતિત છે, અથવા પ્રંપચ મુક્ત છે, અને એટલે જ એણે એનાં એક પણ રુપ સ્વરૂપને છુપાવ્યા નથી. યુગો યુગોથી શિવ પરાત્પર પરબ્રહ્મ પરમેશ્વર, કે દેવોના દેવ મહાદેવ તરીકે લોક હ્રદયમાં સ્થાન પામ્યા છે.

શિવ પુરાણના ૨૪૦૦૦ શ્લોકનું સાત સંહિતામાં વિભાજિત કરવામાં આવ્યું છે. (૧)વિદ્યેશ્વર સંહિતા (૨) રુદ્ર સંહિતા (૩) શત રુદ્ર સંહિતા. (૪) કોટી રુદ્ર સંહિતા. (૫) ઉમા સંહિતા (૬) કૈલાસ સંહિતા (૭) વાયુ સંહિતા દરેક ગ્રંથનું મહાત્મય હોય છે, એમ શિવપુરાણનું પણ મહાત્મય છે, અને એમાં શિવ પુરાણ શું કામ સાંભળવું જોઈએ? કેવા કેવા પાપનો નાશ કરે છે? અથવા તો શિવ કેટલાં ઉદાર છે!એ ઉદાહરણ સહિત બતાવ્યું છે.

નૈમિષારણ્યમાં શ્રી શૌનક મુનિ મહાજ્ઞાની સૂતજી ને પુછે છે ,આપ મહાજ્ઞાની છો, અને સર્વ સિદ્ધાંતોનાં જ્ઞાતા છો, આપ અમને પુરાણોની કથાઓનો સાર બતાવો! કામ ક્રોધ લોભ કપટ વગેરે ભીતરનાં માનવીય ભાવોનું નિરાકરણ બતાવો. જ્ઞાન અને વૈરાગ્યનાં આચરણથી પ્રાપ્ત થતી ભક્તિથી વરદાન રુપે પ્રાપ્ત થતાં વિવેકની વૃદ્ધિ કંઈ રીતે થાય છે? એ બતાવો. કળિયુગમાં હવે દાનવ અને માનવ વચ્ચે એવો કોઈ દેખીતો ભેદ રહ્યો નથી, ત્યારે આ પૃથ્વીલોકનાં જન સમુદાયને પવિત્ર અને શુદ્ધ કરનારી દૈવીય સંપત્તિથી તેનું હ્રદય છલકાઈ જાય, અથવા તો ગુણોની મહેકથી ગદગદ થઈ જવાય, સકલ સૃષ્ટિ માટે શુભ અને મંગલકારી હોય એવા કોઈ ચરિત્રની કથા સંભળાવો. સૂતજી શૌનકજી મુનિનો આભાર વ્યક્ત કરતાં કહે છે હે મુનિ શ્રેષ્ઠ! તમે ધન્ય છો! કેમ કે તમારાં હ્રદયમાં શિવ કથા સાંભળવા માટેની એટલે કે શુભ મંગલની લાલસા છે, પરમ તત્વ માટે પ્રેમ છે. શિવ પુરાણનું મહાત્મ્ય કહેતાં સૂતજી કહે છે, હે મુનિ શ્રેષ્ઠ, હું શુદ્ધ બુદ્ધિથી તમને પરમ અને ઉત્તમ શાસ્ત્રનું પાન કરાવવા જઈ રહ્યો છુ, જે શાસ્ત્રોનાં સિદ્ધાંતથી પરિપૂર્ણ છે, ભક્તિને વધારનાર અને શંકરને પ્રસન્ન કરનાર છે, અને જેનાં શ્રવણ માત્રથી કાનમાં અમૃત રસાયણ રેલાયું હોય એવી પ્રતીતિ થાય છે. આ શાસ્ત્ર કાળ રૂપી સર્પનાં ત્રાસથી મુક્ત કરનાર, એટલે જ અંતકાળે શિવપુરાણ સાંભળનાર ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ નામનાં ચારેય પુરુષાર્થ કે ફળને પામીને શિવલોકમાં જશે, એવું તેનું મહાત્મ્ય છે. સૂતજી આગળ કહે છે, જે મનુષ્ય પાપી દુરાચારી, કપટી, અને કામ ક્રૌધમાં નિરંતર રમમાણ રહેનાર છે,એ પણ શિવ પુરાણનાં પઠન કે શ્રવણથી શુદ્ધ અને પવિત્ર થઈ જાય છે.

ઘણા સમય પહેલાં કિરાતોનાં નગરમાં આદિવાસી જેવી જાતિ જેવાં સમુહમાં દેવરાજ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો, પણ લક્ષણોથી તે બ્રાહ્મણ જેવો હતો નહીં, પૂર્ણપણે દુરાચારી હતો. બ્રાહ્મણ હોવા છતાં બ્રાહ્મણ માટેનાં સ્નાન સંધ્યા જેવા મુખ્ય વૈદિક ધર્મથી વિમુખ થઈ, વૈશ્યા ગમન પણ કરતો હતો. એકવાર એ ફરતો ફરતો તીર્થ પ્રયાગમાં આવે છે, ત્યાં તાવથી પીડાય છે. તાવથી તપ્ત શરીર સાથે એ કોઈ મંદિરમાં રહે છે, અને ત્યાં કોઈ સંતનાં મુખે શિવપુરાણની કથા સાંભળે છે, સતત એક માસ સુધી દેવરાજ તાવની વ્યાધિથી ત્રસ્ત રહે છે, અને એ રીતે એ એક માસ સુધી શિવપુરાણની કથા સાંભળે છે, ત્યારબાદ એ મૃત્યુ પામે છે. દેવરાજનું જીવન વિકોરોથી ખદબદતુ હતું, એટલે અંત વેળાએ યમદૂત એને લેવા આવે છે, અને મુશ્કેટાટ બાંધી યમ નગરીમાં લાવે છે! પણ ત્યાં કપૂર જેવા ગૌરવવંતા શરીરધારી ભગવાન શિવનાં પાર્ષદો આવ્યાં ! જેમના અંગો ભસ્મ ચોળેલા હતાં અને ગળામાં રુદ્રાક્ષની માળા પહેરેલી હતી. આ શિવ ગણોએ દેવરાજને યમનગરી માંથી છોડાવીને શિવલોકમાં સ્થાન આપ્યું. આગળનાં અધ્યાયમાં ચંચુલા અને એનાં પતિ બિન્દુગ કે જે બંને પણ બ્રાહ્મણ હતાં છતાં પાપાચારી હતાં, પણ શિવ પુરાણ સાંભળ્યા પછીની મુક્તિની વાત આવે છે. બસ આ રીતે શ્રાવણી સત્સંગમાં કોઈ ને કોઈ રુપે શંકરનાં ગુણગાન ગાઈને આપણે પણ શિવ લોકમાં સ્થાન પ્રાપ્ત કરી શકીએ. ૐ નમઃ શિવાય.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

જુદા જુદા કારણસોર થાકી હારી જતો માણસ ભરે છે ન ભરવાના પગલા

# વ્યાજખોરીના ભરડામાં ફસાતાં યુવાને પીધું ઝેર

## માંડા ડુંગર પાસે રહેતાં યુવાને મહિકા જઇ પગલુ ભર્યુ ને મિત્રને જાણ કરતાં સારવારમાંઃ સાતેક લાખનું વ્યાજ ચડ્યુંઃ બીજી ઘટનામાં ત્રણ લાખનું દેણું થતાં પાળ રોડ પર યુવાને વખ ઘોળ્યું

**ત્રીજી ઘટનામાં યુવાને બહેનને વિડીયો કોલ કરી દેહ લટકાવ્યોઃ બહેને પાડોશીઓને મોકલી ભાઇનો જીવ બચાવ્યો**

રાજકોટ, તા. ૧૩


વ્યાજખોરી અને આર્થિક ભીંસના ભરડામાં ફસાઇને અનેક લોકો મરી જવા માટે મજબૂર થતાં હોય છે, તો ઘણા મરી જવાનો પ્રયાસ કરતાં હોય છે. બે આવી ઘટના સામે આવી હતી. જેમાં એક યુવાને સાતેક લાખનું વ્યાજ ચડી જતાં હવે આ રકમ કઇ રીતે ભરવી? કઇ રીતે વ્યાજના અજગર ભરડામાંથી બહારઅ આવવું તેની સમજ ન પડતાં ઘરેથી નીકળી જઇ ઝેર પી લીધું હતું. તેણે આ પગલુ ભરી મિત્રને જાણ કરતાં તુરત દવાખાને ખસેડાયો હતો. બીજી ઘટનામાં એક યુવાને ત્રણેક લાખનું દેણું થઇ જતાં આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેણે પણ દવા પી લીધી હતી. ત્રીજી એક ઘટનામાં મગજ ભમતો હોવાથી એક યુવાને સાસરે રહેલી બહેનને વિડીયો કોલ કરીને પછી ગળાફાંસો ખાઇ લીધો હતો. બહેને ફોન કરી સગા-પાડોશીને જાણ કરતાં આ યુવાનને બેભાન હાલતમાં નીચે ઉતારી દવાખાને ખસેડાયો હતો.

વ્યાજખોરીમાં ફસાતાં આપઘાતના પ્રયાસની ઘટના જોઇએ તો આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર પાસે હરસિધ્ધી સોસાયટીમાં રહેતાં ત્રેવીસ વર્ષના વનરાજ ઘુઘાભાઇ ચૌહાણ નામના યુવાને રાજકોટઅ ભાવનગર હાઇવે પરના મહિકા ગામ પાસે જઇ ઝેર પી લેતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. આપઘાતનો પ્રયાસ કરનાર વનરાજ એક બહેન અને ત્રણ ભાઇમાં નાનો અને અપરિણીત છે. તેના પિતા ઘુઘાભાઇ ખેત મજૂરી કરે છે.

પોતે કારખાનામાં કામ કરે છે. સગાએ કહ્યું હતું કે વનરાજે અગાઉ ઘરનું કારખાનુ કરવા માટે અલગ અલગ લોકો પાસેથી અમુક







રકમ વ્યાજે લીધી હતી. પરંતુ બાદમાં ધંધો બરાબર ન ચાલતાં રકમ જેની પાસેથી લીધી હતી તેને ચુકવી ન શકતાં દેણુ વધી ગયુ હતું. હાલમાં સાતેક લાખના વ્યાજના ચક્કરમા ફસાઇ જતાં આ રકમ કેવી રીતે ચુકવવી તેની ચિંતા થતી હોઇ ઘરેથી નીકળી ગયા બાદ મહિકા પાસે ઝેર પીધું હતું. આ વખતે તેણે મિત્રને પોતે પગલુ ભરી ગયો છે તેવી જાણ કરતાં મિત્ર અને સગા સંબંધીઓ ત્યાં પહોંચ્યા હતાં અને તેને સારવાર માટે ખસેડ્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજો બનાવ જોઇએ તો મવડીના પરમેશ્વરનગર-રમાં રહેતાં અભય મનસખુભાઇ બુસા નામના બાવીસ વર્ષના યુવાને પાળ રોડ પર શનેશ્વર પાર્ટી પ્લોટ નજીક ઝેરી દવા પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. અભય બે ભાઇમાં મોટો છે અને એક વર્ષ પહેલા લગ્ન થયા છે. હાલ તે વાવડીમાં વીએમસી ઓપરેટર તરીકે કામ કરે છે. તેના કહેવા મુજબ અલગ અલગ ખર્ચાને કારણે ત્રણેક લાખનું દેણું થઇ ગયું હોઇ તેના ટેન્શનમાં દવા પી લીધી હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી. જો કે દેણું કઇ રીતે થઇ ગયું તે અંગે તેણે પરિવારજનોને પણ સ્પષ્ટ કોઇ વિગતો જણાવી નહોતી.આત્મહત્યાના વધુ એક પ્રયાસની ઘટના જોઇએ તો આજીડેમ ચોકડીથી આગળ માંડાડુંગર સોસાયટી શેરી નં. ૬માં રહેતાં ભુરાભાઇ મનુભાઇ સોનારા નામના પચ્ચીસ વર્ષનાયુવાને સાંજે ધ્રાંગધ્રા સાસરે રહેલી બહેન કાજલબેનને વિડીયો કોલ કરી ગળાફાંસો ખાઇ લેતાં બહેને ભાઇના ઘરે કોઇ ન હોઇ પડોશી-સગાને જાણ કરતાં તેઓ તુરત ઘરમાં ગયા હતાં અને ભુરાભાઇને બેભાન હાલતમાં નીચે ઉતારી સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં દાખલ કરાયો હતો.વિશેષ માહિતી અનુસાર ભુરાભાઇ સાંજે સાડા પાંચેક વાગ્યે ઘરે એકલો હતો ત્યારે તેણે ધ્રાંગધ્રા રહેતી બહેનને વિડીયો કોલ કર્યો હતો અને ચાલુ કોલમાં જ ફાંસો ખાતાં બહેને દેકારો મચાવ્યો હતો. ભુરાભાઇના માતા બિમાર હોઇ બહારના રૂમમાં હતાં. ભુરાભાઇના બીજા ભાઇ કામે ગયા હોઇ ઘરમાં કોઇ ન હોઇ તેણીએ આડોશી પાડોશી નજીકમાં રેહતાં સગાને ફોનથી જાણ કરતાં બધા દોડી આવ્યા હતાં. ઘરમાં લટકી રહેલા ભુરાભાઇને બેભાન હાલતમાં નીચે ઉતારી સારવાર માટે ખસેડતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. ભુરાભાઇ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેના પિતા હયાત નથી. અગાઉ પણ તેણે આવુ પગલુ ભર્યાનું સગાએ જણાવ્યું હતું. પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આમ ત્રણ અલગ અલગ કિસ્સામાં ત્રણ યુવાનોએ મરી જવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સગાઓએ જીવ બચાવી લઇ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.

# શિક્ષીકા કુતરાને કારણે ફંગોળાયા ને ટ્રકની ઠોકરે આવી જતાં મોત

## શીતલ પાર્ક પાસે કરૂણ બનાવઃ વૃધ્ધ દંપતિએ એકની એક દિકરી ગુમાવતાં કલ્પાંત

રાજકોટ, તા. ૧૩

મૃત્યુ ક્યારે અને કેવી રીતે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. એક અરેરાટીભરી ઘટનામાં શિક્ષકા શાળાએથી છુટીને રેપીડો બાઇક કરીને ઘરે જતાં હતાં ત્યારે શિતલ પાર્ક પાસે કુતરૂ આડે આવતાં તેઓ બાઇક પાછળથી પડી જતાં આ વખતે જ એક ટ્રક આવી જતાં તેમના બંને પગ આ ટ્રકના પાછલા જોટામાં ચગદાઇ જતાં તેમનું કમકમાટી ભર્યુ મોત થયું હતું. વિગતો પર નજર કરીએ તો મૈત્રી કરાર કરીને રહેતી શિક્ષકા સ્કુલ નજીકથી રેપીડો બાઇકમાં ઘરે જઇ રહી હતી ત્યારે શિતલપાર્ક મેઇન રોડ પર બાઇક આડે શ્વાન ઉતરતા રેપીડો બાઇક ચાલક અને શિક્ષકા ફંગોળાઇને રોડ પર પટકાયા હતા. જેમાં શિક્ષકા નજીકમાંથી પસાર થઇ રહેલા ડિઝલ ટેન્કરના ટાયર નીચે કચડાઇ જતા તેનુ મૃત્યુ નિપજયુ હતું. આ મામલે ગાંધીગ્રામ પોલીસે મૃતક શિક્ષિકા અઠ્ઠાવીસ વર્ષિય પ્રિયંકાબેનના પિતા યોગેશભાઇ મગનભાઇ દોશી ઉ.વ. ૬૧ રહે. ૧૦૩-એફ એટલાન્ટીક હિલ, રૈયા રોડના ફરીયાદ પરથી ટેન્કર ચાલક સામે ગુનો દાખલ કરી ધરપકડ કરવા તજવીજ આદરી હતી.

વધુ માહિતી આપતાં યોગેશભાઇએ ફરીયાદમાં જણાવ્યુ કે તેને સંતાનમાં એક પુત્રી પ્રિયંકાબેન હતી. તેણે મૈત્રી કરાર કર્યા હતાં. આ દરમિયાન તેણીને સંતાનમાં એક પુત્ર શિવમ (ઉ.વ.ર) ની પ્રાપ્તી થઇ હતી. છેલ્લા બે વર્ષથી તેની પુત્રી તેની અને તેના સાસુ ધનલક્ષ્મીબેન વ્યાસ સાથે પણ રહેતી હતી.

તમેની પુત્રી નાના મવામાં નીચકેતા સ્કુલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતી હતી. બપોર તે ઘરે હતા. પત્ની નિલીમાં દોશીએ ફોન કરી તાત્કાલીક સિવિલ હોસ્પિટલ આવો કહેતા તે ત્યાં પહોંચ્યા હતાં. જયાં તેની પુત્રી પ્રિયંકાબેન ઇજાગ્રસ્ત અને બેભાન હાલતમાં જોવા મળી હતી. આ સમયે ત્યાં હાજર રેપીડો બાઇકના ચાલક શિવમ ચાવડાએ તેને જણાવ્યું કે, પ્રિયંકાબેન રવિ ક્રિષ્ના હાઇટસમાં તેના ઘરે રેપીડો બાઇકમાં બેસી જઇ રહ્યા હતા ત્યારે શિતલ પાર્ક મેઇન રોડ પર આર.કે. હાઇટસના ખુણા પાસેથી પસાર થતી વખતે બાઇક આગળ શ્વાન ઉતરતા બને બાઇક સહિત પડી ગયા હતા.

આ સમયે બાજુમાંથી પસાર થતા ડિઝલ ટેન્કરની હડફેટે પ્રિયંકાબેન ચડી જતા કમર અને પગના ભાગે ગંભીર ઇજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયુ હતું. ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એમ.જી. જાડેજાએ ગુનો દાખલ કરી ટેન્કર ચાલકની ધરપકડ કરવા માટે તજવીજ આદરી હતી. એકની એક પુત્રીના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

# શ્રમિકોને અમર્યાદિત ખર્ચે નિઃશુલ્ક સારવાર

## સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય : સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં સારવાર ઉપલબ્ધ, થયા MOU

રાજકોટ, તા. ૧૩

ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ તેમજ કર્મચારી રાજ્ય વીમા નિગમ-ગુજરાત (ESIC) દ્વારા રાજ્યના શ્રમિક પરિવારોને વધુ સારી, આધુનિક, ગુણવત્તાસભર અને સમયસર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી એક અત્યંત મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી પહેલ કરવામાં આવી છે. રાજ્યના સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના લાખો શ્રમિકોના સામાજિક અને આર્થિક ઉત્થાન માટે કટિબદ્ધ રાજ્ય સરકારે ESIC હેઠળ નોંધાયેલા વીમાધારક શ્રમિકો અને તેમના આશ્રિત પરિવારજનો માટે 'ટર્સરી કેર' અને 'સુપર સ્પેશિયાલિટી' સારવાર અમર્યાદિત ખર્ચે પૂરી પાડવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે.ગાંધીનગર ખાતે યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્યની ૬ અગ્રણી ખાનગી અને ટ્રસ્ટ સંચાલિત આરોગ્ય સંસ્થાઓ સાથે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રી



કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, સ્વસ્થ શ્રમિક જ મજબૂત અર્થતંત્ર અને રાષ્ટ્રનિર્માણનો આધારસ્તંભ છે. શ્રમિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવતી આ પહેલ લાખો શ્રમિક પરિવારો માટે મજબૂત આરોગ્ય સુરક્ષા કવચ તેમજ મોટી આર્થિક રાહતનું માધ્યમ બનશે. તેમણે ઉમેર્યું હતું કે આ નિર્ણયથી હવે રાજ્યમાં ESIC હેઠળ નોંધાયેલા શ્રમિકો અને તેમના પરિવારને જરૂરિયાત મુજબ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં અમર્યાદિત ખર્ચે નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ થશે.

આ સાથે તેમણે ખાસ તાકીદ કરી હતી કે ESIC અંતર્ગત ઉપલબ્ધ સરકારી ભંડોળનો ઉપયોગ માત્ર શ્રમિકોના હિત અને કલ્યાણ માટે યોગ્ય રીતે થાય અને યોજનાનો કોઈપણ સ્તરે દુરુપયોગ ન થાય તેની પણ ખાસ તકેદારી રાખવી જરૂરી છે.ESICના પ્રાદેશિક નિયામક હેમંતકુમાર પાંડેએ આરોગ્ય નેટવર્કની વિગતો આપતા કહ્યું હતું કે, ESIC ગુજરાત દ્વારા સમગ્ર રાજ્યમાં ટર્સરી તથા સુપર સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓનું નેટવર્ક સતત વિસ્તૃત કરવામાં આવી રહ્યું છે. તાજેતરના આ ૬ ખજ્ઞઅ ઉમેરાતા હવે રાજ્યમાં વિવિધ ૩૨ અગ્રણી આરોગ્ય સંસ્થાઓ સાથે કરાર સંપન્ન થયા છે, જેમાં ૧૩ સરકારી હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. આ નેટવર્કમાં યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, જીએમઈઆરએસ (GMERS) હોસ્પિટલ્સ, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (GCRI), ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (IKDRC) અને એઇમ્સ (AIIMS) રાજકોટ જેવી દેશની અગ્રણી સંસ્થાઓ પહેલેથી જ જોડાયેલી છે. ઉપરાંત, સમગ્ર ગુજરાતમાં વધુ ૪૫ હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓ સાથે ખજ્ઞઅ કરવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે, જેના પૂર્ણ થયા બાદ ESIC ના લાભાર્થીઓ માટે રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં પણ સુપર સ્પેશિયાલિટી સેવાઓની ઉપલબ્ધતા વધુ સુદૃઢ બનશે.

### ૬ માંથી ૪ આરોગ્ય સંસ્થા રાજકોટની

ઉલ્લેખનીય છે કે, ઊજીંઈ-ગુજરાત દ્વારા તાજેતરમાં જે ૬ આરોગ્ય સંસ્થાઓ સાથે ખજ્ઞઅ કરવામાં આવ્યા છે તેમાં ૧. શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર (ધરમપુર, વલસાડ), ૨. શ્રીમદ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ અને સી. યુ. શાહ મેડિકલ કોલેજ (સુરેન્દ્રનગર), ૩. ગિરિરાજ હોસ્પિટલ (રાજકોટ), ૪. ગોકુલ લાઇફકેર પ્રાઈવેટ લિમિટેડ (રાજકોટ), ૫. એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ લિમિટેડ (રાજકોટ) અને ૬. ડો. ભટ્ટ પેથોલોજી લેબોરેટરી (રાજકોટ) નો સમાવેશ થાય છે. ગાંધીનગર ખાતે યોજાયેલા આ ખજ્ઞઅ એક્સચેન્જ પ્રસંગે ઊજીંઈ ના સ્ટેટ મેડિકલ ઓફિસર ડો. વિજય ધાણક સહિત ઊજીંઈ ના ઉચ્ચ અધિકારીઓ, એમ્પેનલ થયેલી આરોગ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ, તબીબો અને સંચાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દેશી પિસ્તોલ સાથે નામચીન ગુનેગાર ઝબ્બે

## ૧૪થી વધુ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો જુબેર સમા અમુલ સર્કલ પાસેથી હથિયાર સાથે પકડાયો; રૂ. ૨૫,૦૦૦ની દેશી પિસ્તોલ કબ્જે

રાજકોટ, તા. ૧૩

રાજકોટઃ શહેરમાં ગેરકાયદેસર હથિયારો ધરાવતા અને અગાઉ હથિયારના કેસોમાં પકડાયેલા ગુનેગારો પર નજર રાખવાની ઝુંબેશ અંતર્ગત રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા સાંપડી છે. થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા અમુલ સર્કલ નજીકથી પોલીસે એક શખ્સની ગેરકાયદેસર દેશી બનાવટની પિસ્તોલ સાથે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ગઈકાલે એસઓજીએ એક રિવોલ્વર સાથે ભીસ્તીવાડના શખ્સને પકડયા બાદ હવે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોક્કસ બાતમીના આધારે ૨૭ વર્ષીય જુબેર બસીરભાઈ સમા (રહે. દૂધ સાગર રોડ હાઉસિંગ બોર્ડ ક્વાર્ટર, અમન પાનની સામે, ક્વાર્ટર નંબર-૧૨૬૩, રાજકોટ) નામના શખ્સને ગેરકાયદેસર દેશી પિસ્તોલ કિંમત રૂ. ૨૫,૦૦૦ સાથે અમુલ સર્કલ પાસેથી ઝડપી લીધો છે. પકડાયેલ આરોપી જુબેર સમા કોઈ સામાન્ય ગુનેગાર નથી, પરંતુ રાજકોટ શહેર, મોરબી, ગોંડલ અને જૂનાગઢ જેવા વિસ્તારોમાં પ્રોહિબિશન, લૂંટ, હુમલો અને આર્મ્સ એક્ટ જેવા ૧૪થી વધુ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો નામચીન આરોપી છે. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલિક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) ભરત બી. બસીયાની સૂચનાથી પોલીસ ઈન્સ્પેક્ટર એ.એસ.ચાવડા, એમ.એલ.ડામોર અને સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમો કાર્યરત હતી. પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે આ સફળ કામગીરી પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.એમ.રાણા તથા એ.એસ.આઈ. અશોક કલાલ, રણજીતસિંહ પઢારીયા, સંજયભાઈ દાફડા, વિજયરાજસિંહ જાડેજા, મહેશભાઈ સોલંકી, પો.હેડ કોન્સ. સુભાષભાઈ ધોધારી, તુલશીભાઈ ચુડાસમા, લાલજીભાઈ હાડગડા, તેમજ પોલીસ કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ રાણા, નિકુંજભાઈ મારવીયા, સંજયભાઈ ખાબરીયા અને ધર્મેશભાઈ ખાંડેખાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# શાપર (વેરાવળ)માં સાઢુનું ઢીમ ઢાળી દેનાર ઝડપાયો

**દીકરાને ઓરડી પરથી લઈ જવા મુદ્દે બોલાચાલી હત્યામાં પરિણમી**

રાજકોટ, તા.૧૩

રાજકોટ ગ્રામ્ય વિસ્તારના શાપર (વેરાવળ) પોલીસ સ્ટેશન હદમાં બનેલા એક ખુન જેવા ગંભીર ગુનાના આરોપીને પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ રેન્જના ડી.આઇ.જી. નિર્લીપ્ત રાય, જીલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર તથા ગોંડલ ડી. વાય.એસ.પી. કે.જી.ઝાલાની સુચના અને માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

તા. ૧૨/૦૮/૨૦૨૬ ના રોજ આ ઘટના પ્રકાશમાં આવી હતી. આરોપી અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ પોતાના દીકરા રીતેશસિંહને માર મારતો હતો, જેથી રીતેશસિંહ બચવા માટે ફરીયાદી સજુબેન (બ્રિજવિહારીસિંહના પત્ની) ની ઓરડીએ જતો રહ્યો હતો. આરોપી જ્યારે પોતાના દીકરાને લેવા ગયો



ત્યારે ફરીયાદીએ તેને લઈ જવાની ના પાડતા બંને પક્ષે બોલાચાલી થઈ હતી.

આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આરોપીએ ફરીયાદી સજુબેનને ધક્કો મારી નીચે પછાડી દેતા તેમને માથાના ભાગે ઈજા થઈ હતી. ત્યારબાદ આરોપીએ ત્યાં હાજર બ્રિજવિહારીસિંગને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાના ઈરાદે છત પરથી નીચે જમીન પર ધક્કો મારી ફેંકી દીધા હતા. આ ઘટનામાં ૩૪ વર્ષીય બ્રિજવિહારીસિંગ ધ્રુપનારાયણસિંગને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવાનનું સારવાર દરમિયાન ૧૨/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે મૃત્યુ નીપજ્યું હતું. યુવાનના મોતને પગલે પોલીસે આ ગુનામાં ભારતીય ન્યાય સંહિતા (ઇ.ગ.જ.) ની કલમ ૧૦૩(૧) મુજબ હત્યાના ગુનાનો ઉમેરો કર્યો હતો.

બનાવની ગંભીરતાને ધ્યાને લઈ શાપર (વે.) પોલીસ સ્ટેશનના પીઆઈ આર.બી. રાણાએ સર્વેલન્સ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી હતી. એ.એસ.આઇ. દીવ્યરાજસિંહ સરવૈયા, મુકેશભાઇ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઇ ધાધલ, મયુરધ્વજસિંહ રાણા, સુનિલભાઇ તલસાણીયા, દીનેશભાઇ ખાટરીયા અને અરવિંદભાઇ ઝાપડીયા વિગેરેને સાથે રાખીને ટેકનીકલ સોર્સના આધારે તપાસ કરી પોલીસે શાપર (વેરાવળ) વિસ્તારમાંથી જ આરોપીને ઝડપી લીધો છે. પકડાયેલો ૩૬ વર્ષીય આરોપી અમરેન્દ્રસિહ મહેન્દ્રસિંહ મૂળ ઉત્તરપ્રદેશના કુશીનગર જિલ્લાનો વતની છે અને હાલ શાપર (વેરાવળ)ના ઉર્જા ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં રહે છે.

# રાજકોટમાં પિતાનો ખૂની ખેલઃ પુત્રને પતાવી દીધો

## વારેઘડીએ પૈસા માંગતો હોઈ ઝગડો થતા પિતા હથોડીથી તૂટી પડ્યાઃ ભક્તિનગર પોલીસે આરોપી પિતા બાબુભાઈ સાવસેટાની પૂછતાછ આદરી

રાજકોટ, તા. ૧૩

શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા વ્યસ્ત અને જાણીતા આહિર ચોક નજીકના મકાનમાં શર્મસાર કરતી એક અત્યંત કરૂણ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં ઘરગથ્થુ કે મામૂલી વિવાદમાં પિતા બાબુભાઈએ પોતાના જ સગા પુત્ર રામભાઈ સવસેટા પર જીવલેણ હુમલો કરી તેની નિષ્ઠુર હત્યા કરી નાખી છે. પિતાએ લોહીયાણ ખેલ ખેલાતાની સાથે જ આસપાસના સમગ્ર વિસ્તારમાં અરેરાટી અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો.મળતી પ્રાથમિક માહિતી અનુસાર, પિતા બાબુભાઈ અને પુત્ર રામભાઈ વચ્ચે પૈસા બાબતે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ બોલાચાલી દરમિયાન આવેશમાં આવી ગયેલા પિતાએ પુત્ર રામભાઈ પર ઘાતક હુમલો કરી દીધો હતો. આ હુમલો એટલો ગંભીર હતો કે રામભાઈ સવસેટાનું ઘટનાસ્થળે જ ઈજાઓના કારણે કરૂણ મોત નીપજ્યું



હતું.બનાવની જાણ થતાં જ ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થળ પર પહોંચીને મૃતક રામભાઈના મૃતદેહનો કબ્જો મેળવી તેને પીએમ અર્થે સરકારી હોસ્પિટલ મોકલવાની તજવીજ હાથ ધરી હતી. આ સાથે જ પોલીસે ગુનો નોંધી આરોપી પિતા બાબુભાઈ સામે કાનૂની કાર્યવાહી હાથ ધરી છે અને હત્યા પાછળનું સાચું કારણ જાણવા માટે વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ ઈન્સ. જે. ડી. પરમાર અને ટીમે વધુ તપાસ યથાવત રાખી છે.

પતિને દેવ સમજતી પત્નિઓ માટે ક્યારેક કેટલાક પતિ બની જતાં હોય છે દાનવ

# બે પરિણીતાને પતિઓએ મરવા કરી મજબૂર

## એક પરિણીતાએ સ્યુસાઇડ નોટમાં લખ્યું મારો પતિ માણસ નહિ જાનવર છેઃ બીજીએ લખ્યું મારો પતિ તેના પરિવારને ખુશ રાખવામાં જ વ્યસ્ત રહેતો હતોઃ પોલીસે બંને વિરૂધ્ધ નોંધી એફઆઈઆર

રાજકોટ, તા. ૧૩

અલગ અલગ ગામ કે શહેરમાં પરિણીતાઓને પતિ કે પછી સાસરીયાઓનો એટલો ત્રાસ મળતો હોય છે કે ના છુટકે તે મરી જવા માટે મજબૂર થઇ જતી હોય છે. આવી બે વધુ ઘટના સામે આવી હતી. જેમાં પીતઓના ત્રાસ સહન નહિ થઇ શકતાં અલગ અલગ બે પરિણીતાએ પોતનો જીવ આપી દીધો હતો. જેમાં એક પરિણીતાના તો સત્તર વર્ષની વયે લગ્ન થઇ ગયા હતાં. તેણીએ ચિઠ્ઠીમાં લખ્યું હતું કે મારો પતિ માણસ નહિ જાનવર છે. બીજા કિસ્સામાં પરિણીતાએ સ્યુસાઇડ નોટમાં લખ્યું હતું કે પતિ તેના પરિવારજનોને ખુશ રાખવામાં જ વ્યસ્ત રહે છે. આ બંને કિસ્સામાં આપઘાતની દુષ્પ્રેરણાના ગુના દાખલ કરાયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો ગાંધીનગરના વાવોલ ગોકુળપુરા ખાતે રહેતી અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતી સત્તર વર્ષીય પરિણીતા કવિતા ગુર્જરે ગત ત્રેવીસમી માર્ચના રોજ પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ઘટનાના મહિનાઓ બાદ ઘરની સાફ-સફાઈ દરમિયાન તિજોરી નીચેથી સગીરાએ લખેલી સુસાઈડ નોટ હાથ લાગતાં, સેક્ટર-૭ પોલીસે મૃતકના પિતાની ફરિયાદના આધારે તેના પતિ સોનુ ઉર્ફે નાનાલાલ ગુર્જર સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ કિસ્સામાં મુળ રાજસ્થાનના અને હાલ વાવોલમાં ભંગારનો વ્યવસાય કરતા કનૈયાલાલ ગુર્જરે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની દીકરી કવિતાના લગ્ન અઢી વર્ષ પહેલા રાજસ્થાનના તિલોલી ગામના સોનુ ઉર્ફે નાનાલાલ ગુર્જર સાથે થયા હતા. ત્રેવીસમી માર્ચે કવિતા ઘરે એકલી હતી ત્યારે તેણે છતની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. હોસ્પિટલ લઈ જતાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી, ત્યારબાદ પરિવારજનો અંતિમવિધિ માટે વતન ગયા હતા. અંતિમક્રિયા પૂર્ણ કરી મે મહિનામાં પરત ફરેલા પરિવારે જ્યારે ઘરની સાફ-સફાઈ હાથ ધરી ત્યારે તિજોરી નીચેથી કવિતાની હસ્તાક્ષરવાળી ચિઠ્ઠી મળી આવી હતી. હિન્દીમાં લખાયેલી આ સુસાઈડ નોટમાં કવિતાએ લખ્યું હતું કે, મેરે પતિ સે મે પરસાન હો ગઈ, મે અબ મર રહી હું, વો



મુજે રોજ ટોકતા હૈ, પરિવાર વાલે સે ભી બાત નહીં કરને દેતા હૈ, વો આદમી નહીં જાનવર હૈ, મેરે ઘર વાલોને મુજે કુછ ભી નહીં બોલા, મે મેરે પતિ સે બહુત પરેશાન હું.તેમજ પતિ નાનાલાલ કવિતાને ફોન-મેસેજ કરી ત્રાસ આપવા સાથે ઈન્સ્ટાગ્રામ ડીપીમાં મોતનું સ્ટેટસ રાખીને સતત માનસિક દબાણ ભું કરતો હતો. પોલીસે સુસાઈડ નોટ કબ્જે કરી એફએસએલની મદદથી તપાસ હાથ ધરતાં પતિના ત્રાસના કારણે જ સગીરાએ આપઘાત કર્યો હોવાનું સ્પષ્ટ થતાં સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી હતી.બીજી ઘટના જોઇએ તો વડોદરાના ઉંડેરા વિસ્તારમાં રહેતી એકત્રીસ વર્ષીય પરિણીતાએ પતિ સહિતના સાસરીયાના -ાર્થના કારણે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેના પગલે મૃતકના ભાઈએ તેના પતિ તથા સાસુ-સસરા સામે દહેજની માંગણી, શારીરિક-માનસિક ત્રાસ અને ધમકી આપ્યાના ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે પતિ સહિતના સાસરીયા સામે આપઘાત કરવા દુષ્પ્રેરણા આપી હોવાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. મૃતકના પગ પર આપઘાત પહેલાં લખાણ લખેલું હતું. ઉત્તરપ્રદેશના કાસગંજ જિલ્લાના અનિલકુમાર જાટવની બહેન સીમાના ત્રણ વર્ષ પહેલા રોજ હાથરસ જિલ્લાના સુધીરકુમાર અનેકસિંહ સાથે થયા હતા. સુધીરકુમાર વડોદરા ખાતે આવેલી રિલાયન્સ કંપનીમાં નોકરી કરતો હોવાથી લગ્ન બાદ સીમા પણ પતિ સાથે વડોદરા આવીને રહેતી હતી. તેમને આદિતી નામની આશરે ૮ મહિનાની પુત્રી છે. તાજેતરમાં સુધીરકુમારે પ્લોટ ખરીદવા માટે રૂપિયા બે લાખની માંગણી કરી હતી. આ રકમ સીમાના પિયરમાંથી લાવવા માટે પતિ તેમજ સાસુ-સસરા દ્વારા દબાણ કરવામાં આવતું હોવાની વાત સીમાએ પરિવારજનોને જણાવ્યુ હતુ. ત્યારબાદ પતિ દ્વારા સીમાને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો પણ આક્ષેપ કર્યો છે. ત્રણ દિવસ પહેલા સુધીરકુમારે સીમાના ભાઈને મેસેજ કરીને સીમાને મોબાઇલ ફોન રિપેર કરાવી આપવા કહેવું અને તેમ નહીં કરે તો તેને મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ૯ ઓગસ્ટે સુધીરકુમારે સીમાના ભાભીને ફોન કરીને સીમાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું જણાવ્યું હતું. મૃતકના પરિવારજનો વડોદરા પહોંચ્યા બાદ સયાજી હોસ્પિટલમાં સીમાની લાશ રાખવામાં આવી હતી. પરિવારજનોના જણાવ્યા -માણે આપઘાત પહેલા સીમાએ ડાબા પગ પર હિન્દીમાં લખ્યું હતું કે, મે જા રહી હું દુનિયા સે પતિ અપને ઘરવાલો કો ખુશ રખે મેં સહન નહી કર પાઈ. આ લખાણને પગલે પરિવારજનોએ પતિ સુધીરકુમાર ઉપરાંત સાસુ શીલાદેવી અને સસરા અનેકસિંહ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જેથી પોલીસે તેમની ફરિયાદના આધારે સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. આમ પતિદેવોના ત્રાસ બે પરિણીતાને મરવા મજબૂર કરી ગયા હતાં.

ગઠીયાઓ નજર માંડીને જ બેઠા હોય છે, સ્હેજ પણ ચુક્યા કે ગયા

# પાંચ કરોડની લોનના નામે ૫ લાખ ઉસેડ્યા

## બીજી તરફ અડધા કરોડની સાયબર ઠગાઈમાં પોલીસે કંપનીના ડીરેક્ટરની કરી ધરપકડ

રાજકોટ, તા. ૧૩

ગઠીયાઓ અલગ અલગ રીતે લોકોને છેતરી લેવામાં સફળ થઇ જતાં હોય છે. વધુ એક આવી ઘટના સામે આવી હતી. જેમાં એક ગઠીયાએ ફાયનાન્સ કંપનીમાંથી પાંચ કરોડની લોન અપાવી દેવાના નામે હોસ્પિટલ સંચાલકને પાંચ લાખનો ચૂનો લગાવી દીધો હતો. પ્રોસીઝર સહિતના નામે આ લેભાગુએ નાણા પડાવી લીધા હતાં. બાદમાં લોન અપાવ્યા વગર ગાયબ થઇ ગયો હતો. વિગતો પર નજર કરીએ તો વડોદરા ગોરવા વિસ્તારમાં રહેતા એક તબીબને હોસ્પિટલ ઉપર લોન અપાવવાના બહાને રાજકોટના એક યુવકે ચૂનો ચોપડ્યો છે. હોસ્પિટલ ઉપર ખાનગી ફાઇનાન્સ કંપનીમાંથી લોન અપાવવાના બહાને રૂ. પાંચ લાખ લઇ લીધા અને બાદમાં લોન પણ ન અપાવી અને નાણાં પણ પરત ન આપતા આખરે તબીબે ગોરવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રોએ વધુ માહિતી આપતાં કહ્યું કે વડોદરાના ગોરવા ખાતે આવેલી શુભમ પાર્ક લાભ રેસિડેન્સીમાં રહેતા અને છોટાઉદેપુર ખાતે સિવિલ હોસ્પિટલમાં ઓર્થોપેડિક સર્જન તરીકે ફરજ બજાવતા મહેશ બાબુભાઇ વાઘેલાને રૂ. પાંચ કરોડ લોનની જરૂર હોઈ તેઓ ઓનલાઇન સર્ચ કરી રહયા હતા.

દરમિયાન તેઓ ઉપર રિતુબહેન નામક એક વ્યક્તિનો ફોન આવ્યો હતો અને તેઓએ




લોન અંગેની પુચ્છા કરી હાર્દિક સોલંકી નામના વ્યક્તિનો મોબાઈલ નંબર આપ્યો હતો. ડો. વાઘેલાને હાર્દિક સોલંકી કે જે રાજકોટનો રહેવાસી છે તેનો નંબર મળતા તેઓએ તેને કોલ કર્યો હતો અને પોતાની વાત મૂકી હતી. હાર્દિક સોલંકીએ તબીબને જણાવ્યું હતું કે તમારી પાંચ કરોડની લોન એચ.આર.ફિનકોર નામક ફાઇનાન્સ કંપનીમાંથી થઇ જશે. પરંતુ આ લોન મેળવવા તેઓએ ૧ ટકા રકમ એડવાન્સ આપવી પડશે. એટલે કે ૫ કરોડની લોન કરાવવા માટે તેને રૂ. ૫ લાખની માંગણી કરી હતી. અને બાદમાં બે દિવસમાં લોન થઇ જશે તેમ તેને જણાવ્યું હતું.

ત્યારબાદ ડો. વાઘેલાએ લોન કરાવવા માટે હાર્દિક સોલંકીના એકાઉન્ટમાં રૂ. ૫ લાખની રકમ જમા કરાવી દીધી પરંતુ બે દિવસ પછી લોન ન થતા તેઓએ વળતો ફોન કર્યો હતો. જો કે સામેથી હાર્દિકે એમ જણાવ્યું હતું કે, લોન મંજુર થઇ નથી અને તેમાં હજુ થોડો વધુ સમય જશે. જો કે ત્યાર બાદ ડો. વાઘેલાએ અવારનવાર હાર્દિકને ફોન કર્યા હતા પરંતુ તે ફોન ઉપર ગલ્લાં તલ્લાં જ કરતો હતો. ક્યારેક તે તબીબનો ફોન પણ ઉપાડતો ન હતો.આ પછી ડો. બાબુ વાઘેલા દ્વારા હાર્દિક સોલંકીના ખાતામાં રૂ. ૫ લાખની રકમ જમા કરાવી હતી આ વાતને ૯ મહિના ઉપરાંતનો સમય થવા આવ્યો છતાં ન તો લોનની રકમ મળી ન તો તેઓએ એડવાન્સ પેટે આપેલા ૫ લાખ રૂપિયા પરત મળ્યા. આખરે કંટાળેલા તબીબે વડોદરાના ગોરવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેના આધારે પોલીસે હાર્દિક સોલંકીની શોધખોળ કરી તેની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા હતાં. અન્ય એક કિસ્સામાં વડોદરાના ડભાસા ગામે આવેલી સુપરટેક ફેબ્રિક કંપનીના ડિરેક્ટરના નામે સાયબર ગઠિયાઓએ એકાઉન્ટન્ટ પાસેથી રૂપિયા ૫૦ લાખ પડાવ્યા હતા. આ મામલે પોલીસે આસામથી એક કંપનીના ડિરેક્ટર બોની મેઈટેઇ નોંત્રથોમ્બમની ધરપકડ કરી છે. ગુવાહાટીથી ઝડપાયેલા આ ભેજાબાજને પાદરા કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવાયા હતાં. અન્ય ઠગાઈમાં પણ તેની સંડોવણી હોવાનું બહાર આવ્યું હતુ. વિશેષ માહિતી અનુસાર વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ડભાસા ગામે આવેલી કંપનીના ડિરેક્ટરના -ોફાઇલ પિક્ચર સાથે વોટ્સએપ પર મેસેજ કરી કંપનીના એકાઉન્ટન્ટ પાસે પચાસ લાખની માંગણી કરી સાયબર ગઠિયાઓએ પોતાના બેન્ક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવવાના કેસમાં આસામની એક કંપનીના ડિરેક્ટરની પોલીસે ધરપકડ કરી હતી. ડભાસા ગામે આવેલી સુપરટેક ફેબ્રિક પ્રા.લી. કંપનીના સિનિયર એકાઉન્ટન્ટ હિનલ પટેલના મોબાઇલ પર કંપનીના ડિરેક્ટર ઉત્સવ રાજીવ ગુપ્તાના પ્રોફાઇલવાળા અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આપ્યો હતો.બાદ પચાસ લાખની માંગણી કરતા એકાઉન્ટન્ટે તાત્કાલિક કંપનીના એકાઉન્ટમાંથી પચાસ લાખ આસામની કંપની નામી અહેન ઔષધિયાપ્રા.લી.ના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતાં. બોસના નામે થતા સાયબર ક્રાઇમનો આ કિસ્સો પ્રકાશમાં આવ્યા બાદ ડિરેક્ટર ઉત્સવ ગુપ્તાએ વડોદરાની સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી. આ કેસની તપાસ દરમિયાન પોલીસની એક ટીમ આસામ ગઇ હતી અને બેન્ક એકાઉન્ટની વિગતો એકત્ર કરી જે કંપનીના એકાઉન્ટમાં રકમ જમા થઇ હતી તેના ડિરેક્ટર બોની મેઈટેઇ નોંત્રથોમ્બમને તેના ઘરમાંથી ઝડપી પાડયો હતો. પોલીસ સાયબર ગઠિયાને વડોદરા લઇ આવી હતી અને પાદરાની કોર્ટમાં રજૂ કરી તેની વધુ તપાસ માટે ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આસામના ઝડપાયેલા ભેજાબાજે અન્ય સાયબર ઠગાઇ પણ કરી હોવાની વિગતો બહાર આવી હતી.

સોશિયલ મિડીયા મારફત ગમે તેની સાથે મિત્રતા કરતાં પહેલા સો વખત વિચારજો

# પરિણીતાને સ્નેપચેટથી ફસાવી શારીરિક-આર્થિક શોષણ

## પરિણીતાને લેભાગુના કાવત્રાની ગંધ આવતાં સંબંધ પુરો કરવાનું કહેતાં બ્લેકમેઈલીંગ ચાલુ કયુઃ મિત્રની પણ મદદ લીધીઃ પોલીસે બંનેને દબોચી કાયદો સમજાવ્યો

રાજકોટ, તા. ૧૩

સોશિયલ મિડીયા મારફત લેભાગુઓ મિત્રતા અને પ્રેમની જાળ બિછાવી સગીરાઓ, યુવતિઓ અને પરિણીતાઓને ફસાવી તેની જિંદગી દોજખ બનાવી દેતાં હોય છે. આવી વધુ એક લાલબત્તી સમાન ઘટના સામે આવી હતી. જેમાં એક પરિણીતાને સ્નેપચેટથી જાળમાં ફસાવી હતી. આ ઢગાએ તેણીનું શારીરિક શોષણ કરવાની સાથે સાથે આર્થિક શોષણ પણ કર્યુ હતું. રોકડા ત્રણેક લાખ અને સોનાના દાગીના પણ પડાવી ગયો હતો. આ રીતે શોષણ કર્યા બાદ લેભાગુએ તેણી પાસે વધુ નાણા પડાવાવ ધાકધમકીનો સહારો લઇ બ્લેકમેઈલીંગ પણ ચાલુ કર્યુ હતું. અંતે તેણીએ પતિને વાત કરતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. પોલીસે આ મામલે એફઆઈઆરને આધારે આરોપીને સાણસામાં લઇ લીધો હતો. લાલબત્તી સમાન આ ઘટના પર નજર કરીએ તો બનાવ સુરતના કાપોદ્રા વિસ્તારમાં બન્યો છે. સોશિયલ મીડિયા એપ સ્નેપચેટ મારફતે થયેલી મિત્રતા એક પરિણીતા માટે ગંભીર આફત બનીને સામે આવી છે. કાપોદ્રામાં રહેતી પરિણીતાનો ગત ફેબ્રુઆરી જકાતનાકા ખાતે રહેતા ટોનીશ ઉર્ફે જૈનીલ ઘનશ્યામભાઈ પડસાળા સાથે પરિચય થયો હતો. વિશ્વાસ સંપાદિત કર્યા બાદ આરોપીએ બ્લેકમેઇલિંગ, દુષ્કર્મ અને લાખો રૂપિયા તથા દાગીના પડાવી લીધા હોવાની ગંભીર ઘટનાપ્રકાશમાં આવી હતી. આ મામલે કાપોદ્રા પોલીસે તત્કાળ કાર્યાવહી કરી મુખ્ય આરોપી અને તેના મિત્રની ધરપકડ કરી હતી.પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ મળતી માહિતી મુજબ, આરોપી ટોનીશે પહેલાં પોતે સાયબર ક્રાઇમના કેસમાં ફસાયો હોવાનું ખોટું નાટક રચી પોલીસ અને વકીલોને પૈસા આપવાના બહાને નાણાં માંગ્યા હતા. ત્યારબાદ તેણે પરિણીતાના પતિને ેપચેટના સ્ક્રીનશોટ બતાવી દેવાની ધમકી આપી બ્લેકમેઇલ કરવાનું શરૂ કર્યું હતું. આ રીતે ડર બતાવીને આરોપીએ તબક્કાવાર રૂ. ૨.૮૦ લાખ રોકડા પડાવી લીધા હતા. આટલેથી ન અટકતા, આરોપીએ પરિણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી શારીરિક સંબંધો પણ બાંધ્યા હતા. આરોપીની લાલચ વધતાં તેણે પરિણીતાને ધમકાવીને સોનાની રુદ્રાક્ષની માળા, પાટલા, મંગળસૂત્ર, વીંટીઓ, હાર, બુટ્ટી, કડલી, પોચા અને પેન્ડલ સહિતના કિંમતી સોનાના દાગીના બળજબરીથી કઢાવી લીધા હતા.આ પ્રકારની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે અને પોલીસ કાર્યવાહી પણ કરતી રહે છે. આ કિસ્સામાં શારીરિક ઉપરાંત આર્થિક શોષણ પણ કરવામાં આવ્યું હતું. ગમે તેની સાથે મિત્રતા કર્યા પહેલા સો વખત વિચાર કરવો જરૂરી છે. હાલના સમયમાં ઠેકઠેકાણે સોશિયલ મિડીયા માધ્યમમાં ગઠીયાઓ નજર માંડીને બેઠા હોય છે અને શિકારની સતત શોધમાં હોય છે. આ બનાવમાં પણ સ્નેપચેટનો ઉપયોગ કરી લેભાગુએ શિકાર કર્યો હતો.

ફેસબૂક પરની જાહેરાતમાં લખ્યું હતું-શેરબજારમાં કમાણી કરવી હોય તો ક્લીક કરોઃ ક્લીક કર્યુ અને ફસાયા

# મેનેજરે નફાની લ્હાયમાં ગૂમાવ્યા એક કરોડ!

## યુવતિએ શરૂઆતમાં વાતો કરી પછી રોકાણ કરવા સમજાવ્યાઃ આરંભે બે લાખ સત્વાવીસ હજારનો નફો પણ દીધોઃ છેલ્લે મોટી રકમ ઉસેડી એકાઉન્ટ બ્લોક કરી દીધું


રાજકોટ, તા. ૧૩

રોકાણ પર સારા વળતરની અને એ પણ ટુંકા ગાળામાં મોટુ વળતર નફો આપવાની લાલચ આપી ઠગાઇ કરી લેવાના કિસ્સા રોજીંદા બની ગયા છે. વધુ એક વખત આવી ઠગાઇ થઇ હતી. જેમાં એક કંપનીના નામે રોકાણ કરાવડાવી બે લાખ સત્યાવીસ હજારનો નફો આપી તેની સામે એક કરોડ સાત લાખ ખાઇ જવાયા હતાં. કંપનીના આસિસ્ટનટ મેનેજર સાથે આ ફ્રોડ થયું હતું. જેને શેર બજારમાં રોકાણ કરી માલદાર થવાની લાલચ આપી છેતરી લેવાયા હતાં. સાયબર ગઠીયાઓની આ કારીગીરી સામે પોલીસે તપાસ શરૂ કરી હતી. આ ફ્રોડમાં પણ ગઠીયાઓએ સોશિયલ મિડીયા માધ્યમ ફેસબૂકનો ઉપયોગ કર્યો હતો.

રોજબરોજ શેર બજાર સહિતના રોકાણ પર નફાની લાલચ આપી છેતરપીંડી થાય છે. આમ છતાં લોકો જાગૃત થતાં નથી. આ કારણે ગઠીયાઓ ફાવી જાય છે. વડોદરાની ખાનગી કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા વ્યક્તિને શેર બજાર થકી વિવિધ કંપનીઓમાં રોકાણ કરી સારું વળતર આપવાની લાલચ આપી રૂ. એક કરોડ સાત લાખ પડાવી લીધો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. આ વ્યક્તિને પોતાની જાળમાં ફસાવવા માટે જે તે કંપની દ્વારા ધીમે ધીમે વળતર પણ આપવામાં આવ્યું અને બાદમાં મસમોટી રકમ પડાવી લીધી હતી. વડોદરાની સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં આ અંગેની ફરિયાદ નોંધાવવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી.

વિશેષ માહિતી અનુસાર વડોદરાના છાની જકાતનાકા વિસ્તારમાં ભાડે રહેતા મૂળ પુણેના હેમેન્દ્ર વસંત ગાનુ સાવલી પાસે આવેલી એક ખાનગી કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. જેઓ પોતાના મોબાઈલમાં ફેસબુક સર્ફિંગ કરી રહ્યા હતા તે દરમિયાન ટ્રેડ ગ્રીપના મની શેરબજારની કંપનીમાં રોકાણ કરી સારું વળતર મેળવવું હોય તો આ લિંક ઉપર ક્લિક કરો જેવી જાહેરાત જોઈ હતી. તેઓએ આ લિંક ઉપર ક્લિક કરતાની સાથે જ તેઓના મોબાઈલ ઉપર એક ઇન્ટરનેશનલ કોલ આવ્યો હતો. જેમાં સામેથી એક છોકરીએ વાત કરી રીતે ટ્રેડ ગ્રીપ કંપનીમાંથી વાત કરે છે તેવી ઓળખ આપી હતી અને તેઓની કંપની સાથે ટ્રેડિંગ કરવા માટે પૂછતાં હેમેન્દ્રભાઈએ રસ દાખવ્યો હતો.

આ પછી હેમેન્દ્રભબાઈએ રસ દાખવતા




યુવતીએ તેઓને મેસેજમાં એક લિંક મોકલી હતી જેમાં ડિટેલ્સ ભરતા તેઓનું નામ ટ્રેડ ગ્રીપમાં રજીસ્ટર થઇ ગયું હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ આ યુવતીએ અન્ય લિંક મોકલી તેઓ પાસેથી ઓગણીસ હજાર ઓનલાઇન ભરવા જણાવ્યું હતું.

ઓનલાઇન ભર્યા બાદ તેઓને મેનેજરનો સંપર્ક કરવા એક લિંક આપી અને જણાવ્યું હતું કે, હવે તમને મારો આસિસ્ટન્ટ કોલ કરશે. ત્યાર બાદ આસિસ્ટન્ટ દ્વારા ફોન કરવામાં આવ્યો હતો અને તેઓ પાસે ટેલિગ્રામ ડાઉનલોડ કરાવી તેમાં એકાઉન્ટ ઓપન કરાવડાવ્યું હતું.જેમાં આ કંપનીનું નામ સર્ચ કરતા તેમાં ટેલિગ્રામ ચેનલમાં અમેરિકાના માર્કેટમાં અત્યારે ગોલ્ડ, સિલ્વર, કમોડિટી શેરનો કેટલો ભાવ છે તે બતાવતા હતા.

આ રીતે રોજ ટેલિગ્રામ ઉપર અલગ અલગ લિંક થકી માહિતી મોકલવામાં આવતી હતી. આ ઉપરાંત આ પેજમાં તેઓને પોતે ભરેલા ઓગણીસ હજાર બેલેન્સ પણ બતાવતું હતું. હેમેન્દ્રભાઈને ભેજાબાજોએ ઓનલાઇન શેર કેવી રીતે ખરીદવા તે અંગે પણ સમજાવ્યું હતું જેના આધારે તેઓએ ટ્રેડિંગ ચાલુ કર્યું હતું. પ્રથમ તેઓના ખાતામાં વળતર રૂપે ૧૨૩૨ રૂપિયા દેખાયા હતા જેથી તેઓને વિશ્વાસ બેઠો અને બાદમાં વધુ ટ્રેડિંગ શરુ કર્યું. ટેલિગ્રામની લિન્કમાં તેઓએન એક ખાતા નંબર આપવામાં આવ્યો હતો જેમાં તેઓને પૈસા ભરવા માટે જણાવવામાં આવ્યું હતું. આ ખાતા નંબરના આધારે હેમેન્દ્રભાઈએ પૈસા જમા કરાવવાનું શરૂ કર્યું હતું.

તેઓએ તબક્કાવાર ૧,૦૯,૬૨,૮૯૪ રૂપિયા જમા કરાવ્યા હતા. હેમેન્દ્રભાઈ દ્વારા આ સિલસિલો એક વર્ષ ચાલ્યો હતો. વધુ વળતર મેળવવાની લાલચે તેઓએ તબકાવાર રૂ. ૧.૦૯ કરોડ તો ભરી દીધા અને તેની સામે તેઓને હાલ સુધીમાં ૨.૨૭ લાખ વળતર પેટે પણ આપવામાં આવ્યા છે. જો કે બાદમાં જો નફો થાય તો તેઓના એકાઉન્ટમાં પૈસા જમા બતાવતા હતા અને જો લોસ થાય તો તેઓનું એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવતું હતું અને બાદમાં પાછા પૈસા ભરવા માટે જણાવવામાં આવતું હતું.

વારંવાર એકાઉન્ટ બ્લોક થતા તેઓને શંકા ગઈ હતી અને તેઓએ ૧૯૩૦ પર ફોન કરી ફરિયાદ કરવામાં આવી હતી. ભેજાબાજોએ માત્ર. ૨.૨૭ લાખનું વળતર આપી સામે ૧,૦૭,૩૫,૬૯૭ પડાવી લીધા હોવા અંગેની ફરિયાદ નોંધાતા સાયબર ક્રાઇમ પોલીસે સાયબર ગઠીયાઓને શોધવા મહેનત શરૂ કરી હતી. આમ શેર બજારમાં કમાણી કરવાની લ્હાઇ વધુ એકને લઇ ડુબી હતી.

ગમે તેમ કરીને ગઠીયાઓ ગમે તેના ફેરવી નાંખે છે ગરીયાઃ હવે લારીવાળા સાથે ફ્રોડ

# લીચી લેવાની લ્હાયમાં ૬.૭૧ લાખનું ફ્રોડ

## નાના મવા રોડ પર ફ્રુટ વેંચતા યુવાનને જસદણના પરીચતનો બિહાર રહેતો સાળો છેતરી ગયોઃ રૂપિયા કટકટાવી લીધા પછી કહ્યું-હવે લીચીની સીઝન બિહારમાં પુરી થઇ ગઇઃ તાલુકા પોલીસે નોંધી એફઆઇઆર

રાજકોટ, તા. ૧૩

ગઠીયાઓ ગમે તેમ કરીને ગમે તેની સાથે છેતરપીંડી કરી લેતાં હોય છે. આવી ઠગાઇના કિસ્સા રોજબરોજ બનતા રહે છે. હવે એક લેભાગુઓ કોઇ નહિ તો લારી રાખી ફ્રુટનો ધંધો કરતાં યુવાન સાથે લાખોની ઠગાઇ કરી લીધી છે. આ શખ્સે સસ્તામાં બિહારથી લીચી ફ્રુટનો જથ્થો મોકલવાની લાલચ આપી રોકડા પોણા સાતેક લાખ મેળવી લીધા બાદ હવે લીચીની સીઝન પુરી થઇ ગઇ કહી ફોન બંધ કરી દીધો હતો. આ મામલે તાલુકા પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો નાના મવા રોડ પર ફ્રૂટની રેકડી રાખી પરિવારનું ગુજરાન ચલાવતા વેપારી સાથે લીચી ફ્રુટનો માલ બિહારથી મોકલવાના નામે રૂા. ૬,૭૧,૨૯૫ ની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પોલીસ ચોપડે ચડ્યો છે. બિહારના દરભંગાના એક શખ્સે લીચી મોકલવાની લાલચ આપી ઓનલાઇન નાણાં પડાવી લીધા બાદ માલ ન મોકલી હાથ ઉંધા કરી દીધા હતાં. તાલુકા પોલીસે નાના મવા રોડ પાઠક સ્કૂલવાળી શેરીમાં અર્જુન પાર્ક ક્વાર્ટર બ્લોક નં. ૧૦ ખાતે રહેતાં કૌશરભાઇ સલીમભાઈ મેતર નામના આડત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી બિહાર દરબંગાના અફઝલાના શખ્સ એમ.ડી. મોઇન વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ આશરે ત્રણ વર્ષ પહેલાં તેમની ઓળખાણ જસદણના હારૂનભાઈ નામના વેપારી સાથે થઈ હતી.




વિશેષ વિગતો અનુસાર કૌશરભાઇ પરિવાર સાથે રહે છે અને પંદર વર્ષની નાના મવા રોડ પર ફ્રુટની રેંકડી રાખી ધંધો કરે છે. કૌશરભાઇએ જણાવ્યું છે કે સરધારના રણજીતગઢ ગામે આજથી ત્રણેક વર્ષ પહેલા ઉર્ષ યોજાયો હોઇ હું ત્યાં ગયો ત્યારે મારી મુલાકાત હારૂનભાઇ સાથે થઇ હતી. તેણે જણાવેલુ કે હું જસદણમાં રહુ છું અને ત્યાં જુના બસ સ્ટેશન પાસે મારે નોનવેજની દુકાન છે. બાદમાં તેણે મને મારા ધંધા વિશે પુછતાં મેં કહેલું કે હું હોલસેલમાં લીચી ફ્રુટનો ધંધો કરુ છું. આથી હારૂનભાઇએ મને જણાવેલ કે મારો સાળો એમ. ડી. નઇમ આલમ બિહાર દરભંગામાં રહે છે અને તે પણ ત્યાં હોલસેલમાં લીચીનો ધંધો કરે છે.

આ ઉપરાંત કહ્યું હતું કે તમારે ત્યાંથી લીચીનો માલ મંગાવવો હોય તો મને કહજો, તેમાં તમને ખુબ ફાયદો પણ થશે અને સસ્તો માલ પણ મળશે. આ પછી આ પછી મેં ૧૬/૫/૨૫ના રોજ હારૂનભાઇને ફોન કરી લીચીનો હોલસેલ માલ મંગાવવાની વાત કરતાં તેણે કહેલું કે હાલમાં જ મારો સાળો એમ. ડી. નઇમ બિહારથી મારી ઘરે આવ્યો છે, તમે તેની સાથે રૂબરૂ જ વાત કરી લો. આથી મેં તેઓને રાજકોટ નાના મવા રોડ પર મારી ફ્રુટની લારીએ આવી જવા કહેતાં હારૂનભાઇ અને તો સાળો મારી લારીએ આવ્યા હતાં. અહિ મેં એમ. ડી. નઇમ સાથે મારે ૬૦૦ પેટી લીચીની જોઇએ છે તેવી વાત કરતાં તેણે રૂા. ૧૨૫૦ની પેટીનો ભાવ જણાવ્યો હતો.

એક આવા બોક્સમાં દસ કિલો લીચી આવે છે તેમ તેણે કહ્યું હતું. સાથે સાથે તેણે ઓનલાઇન પેમેન્ટ કરવા પોતાના બેંક ખાતા નંબર પણ આપ્યા હતાં. આ પછી એમ. ડી. નઇમે કહેલું કે તમે મને કટકે કટકે ખાતામાં પૈસા મોકલતાં રહેજો હું તમને બિહારથી લીચી મોકલતો રહીશ. ત્યારબાદ મેં એમ.ડી. નઇમ આલમને અલગ-અલગ બેંક એકાઉન્ટમાં કટકે-કટકે રૂ. ૫,૬૩,૯૯૫ ટ્રાન્સફર કરાવી લીધા હતા. પૈસા મેળવ્યા બાદ નઈમે માલ મોકલ્યો નહોતો અને ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધુ હતું. ત્યારબાદ મે-૨૦૨૬માં નઈમ આલમે ફરી સંપર્ક કરી જૂનો માલ મોકલી આપવાની અને બિહારમાં લીચીની સારી સીઝન હોવાનું કહી વધુ ૧૦૦ પેટીનો ઓર્ડર લીધો હતો.

આ નવા ઓર્ડર પેટે ફરિયાદી પાસે એટીએમ અને ટ્રાન્સફર મારફતે વધુ રૂપિયા ૧,૦૭,૩૦૦ જમા કરાવી લીધા હતા. અગાઉના રૂ. ૫,૬૩,૯૯૫ અને બાદના રૂ. ૧,૦૭,૩૦૦ મળી કુલ રૂ. ૬,૭૧,૨૯૫ ની રકમ ટ્રાન્સફર કરાવી લીધા છતાં ત્યાંથી એમ.ડી. નઈમે લીચીનો કોઈ માલ મોકલ્યો નહોતો. જ્યારે કૌશરભાઇએ માલ અંગે ઉઘરાણી કરી ત્યારે તેણે મારા મ્મીને એટેક આવ્યો છ અન બિહારમાં લીચીનો માલ પુરો થઇ ગયો છે તેવા બહાના બતાવી ફોન બંધ કરી દીધો હતો. તેમજ વધુ એક વખત ફોન જોડાતાં તેણે છેલ્લે એવું કહી દીધુ હતું કે-મેરે જીજા હારૂનભાઇ સે બાત કરલો, મુજકો ઇસ બારે મેં ફોન મત કરના.

તેમ કહી ફોન કાપી નાંખ્યો હતો. અંતે કૌશરભાઇને પોતાની સાથે ઠગાઇ થયાનું જણાતાં તાલુકા પોલીસને ıજણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં હેડકોન્સ. વાય. જે. ગોહિલે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. લારી રાખી ધંધો કરતાં ફ્રુટના ધંધાર્થી-નાના વેપારીએ સસ્તામાં લીચી ખરીદવાની લ્હાયમાં લાખો ગુમાવી દીધા હતાં. એક વખત નાણા મોકલ્યા ત્યારે બિહારીએ માલ ન મોકલ્યો અને થોડા મહિના પછી ફરીથી ફોન કરતાં ફરીથી વેપારીએ વિશ્વાસ રાખી વધુ નાણા મોકલ્યા હતાં અને છેલ્લે આ તમામ રકમ ગુમાવી દીધી હતી. પોલીસ હવે ગઠીયાગીરી કરનારા બિહારીબાબૂને શોધી રહી છે.

પત્તાપ્રેમીઓ હવે બેફામ બનીને ખેલશેઃ પોલીસ પણ ઠેકઠેકાણે ત્રાટકશે

# ત્રણ જૂગારધામમાં મહિલાઓ સહિત ૨૦ પકડાયા

## બી-ડિવીઝન, એલસીબી ઝોન-૨ ટીમ અને પ્રધુમનનગર પોલીસના દરોડામાં રોકડ-ગંજીપાના કબ્જે

રાજકોટ, તા. ૧૩

જેમ ભોળીયાનાથના ભક્તો શ્રાવણ માસમાં ભક્તિ કરવાની રાહ જોતાં હોય છે એમ જ અમુક શકુનીઓ કે પછી સારા શબ્દોમાં કહીએ તો પત્તાપ્રેમીઓ જૂગાર રમવા માટે પણ આ મહિનાની ચાતક નજરે રાહ જોતાં હોય છે. શ્રાવણ માસની શરૂઆત થઇ એ પહેલાથી જ આમ તો પત્તાના શોખીનો ઠેકઠેકાણે ફિલ્ડ જમાવવા માંડ્યા હતાં. પરંતુ પહેલા દિવસનું મુહુર્ત જાણે સાચવવું હોય તેમ વધુ ત્રણ ઠેકાણે જૂગારના ફિલ્ડ મંડાઇ ગયા હતાં. પોલીસ પણ માહિતીને આધારે ત્રાટકી હતી અને ત્રણ દરોડામાં ચાર મહિલા સહિત વીસ પત્તાપ્રેમીઓને દબોચી લઇ રોકડ-ગંજીપાના કબ્જે કર્યા હતાં.વિશેષ માહિતી પર નજર કરીએ તો રાજકોટમાં શ્રાવણ માસના પ્રારંભ સાથે જુગારનું દુષણનો પણ પ્રારંભ થયેલ છે. બી-ડિવીઝન, પ્ર.નગર અને એલ.સી.બી. ઝોન-૨ ના સ્ટાફે મોરબી રોડ, રેલનગર અને કાલાવડ રોડ પર દરોડા પાડી ૪ મહિલા સહિત ૨૦ પતાપ્રેમીને ઝડપી લઇ ૩૮ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો. જેમાં બી-ડિવીઝન પોલીસના પીએસઆઇ એચ.એન. જેઠવા સહિતના સ્ટાફે મોરબી રોડ પર યોગીપાર્ક સામે મહેશ્વરી પાર્ક શેરી નં. ૨ માં રાજેશ હરગોવિંદભાઇ પરમારના મકાનમાં દરોડો પાડી જુગાર રમતા રાજેશ ઉપરાંત અ શોક મોહનભાઇ પરેસા, રહે. શકિત સોસાયટી સંતકબીર રોડ, ધર્મેશ ચતુરભાઇ



હિરાણી રહે. અંબીકા પાર્ક શેરી નં. ૧ કુવાડવા રોડ, અશોક ભીખાભાઇ પરમાર રહે. આર્યનગર શેરી નં. ૩ પેડક રોડ, વેલજી રઘુભાઇ ચૌહાણ રહે. રત્નદિપ સોસાયટી શેરી નાં. ૨, પેડક રોડ, અને નવીન વીરાભાઇ પરમાર રહે. તિરૂપતિ સોસાયટી શેરી નં. ૩, ગ્રીનલેન્ડ ચોકડી પાસે)ને રૂા. ૧૧,૨૦૫ ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

જ્યારે દરોડામાં એલસીબી ઝોન-૨ ટીમના કોન્સ્ટેબલ સત્યજીતસિંહ જાડેજા સહિતના સ્ટાફે કાલાવડ રોડ પર વામ્બે આવાસ યોજનાના બ્લોક નં. ૨ માં રૂમ નં. ૫માં રહેતા ચંદ્રદિપ મશેભાઈ મહલીયા (ઉ.વ. ૩૦) ના મકાનમાં દરોડો પાડી જુગાર રમતા ચંદ્રદિપ ઉપરાંત ધમેન્દ્રદાસ રાઘવદાસ સોલંકી (ઉ.વ.૪૨, વામ્બે આવાસ કવાર્ટર, બ્લોક નં. ૪૬ ભાડેથી) વિમલ ભુપતભાઇ ખેર (ઉ.વ. ૩૦, રહે. નવલનગર શેરી નં. ૫, મવડી મેઇન રોડ,) તુષાર રઘુનાથભાઇ મોરે (ઉ.વ. ૩૨, રહે.એસ.આર.પી. કેમ્પ નવો ૧૫૦ ફુટ રીંગ રોડ) હેતલબા નરેન્દ્રસિંહ ઝાલા, (ઉ.વ. ૩૮, રહે. વૃંદાવન સોસાયટી શેરી નં. ૩, પુનીતનગર), ખીમ્મબા મહાવીરસિંહ સરવૈયા (ઉ.વ.૪૦, રહે. સતનામ સોસાયટી મેઇન રોડ, પુનીતનગર રોડ), દિવ્યાબેન વિરલભાઇ સોંડાગર (ઉ.વ. ૩૨, રહે. સતનામ સોસાયટી શેરી નં. ૫, પુનીતનગર રોડ) અને નફિસાબેન મેહબુબભાઇ અજમેરી (ઉ.વ. ૨૩, રહે વિનોદનગર કવાર્ટર બ્લોક નં. ૧૮, હુડકો ચોકડી પાસે, કોઠારીયા રોડ) ને પકડી રૂા. ૧૬,૨૦૦ નો મુદામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલામાં તુષાર મોરે એસ. આર.પી.ના કૂકનો પુત્ર હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જ્યારે ત્રીજા દરોડામાં કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ પરમાર સહિતનાસ્ટાફે રેલનગરના અવધપાર્ક શેરી નં. ૫માં રહેતા સુનિલ નાથાભાઇ ટીમાણીયાના મકાનમાં દરોડો પાડી જુગાર રમતાં સુનીલ ઉપરાંત દિનેશ જેઠાભાઇ પરમાર રહે રાણીમા રૂડીમા ચોક, રૈયાધાર મફતીયાપરા, બાબુ દેવજીભાઇ પરમાર-રહે ધરમનગર શેરી નં. ૪, બાલાજી હોલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, દેવજી વાઘજીભાઇ ચૌહાણ રહે. અવધપાર્ક શેરી નં. ૫, રેલનગર, કાંતી દાનાભાઇ જાદવ-રહે. રાણીમા રૂડીમાં ચોક, રૈયા ધાર, મફતીયાપરા) અને પ્રવિણ ભીમજીભાઇ વેડવા-રહે. રાણીમા રૂડીમાં ચોક, રૈયા ધાર, મફતીયાપરા)ને રૂા.૧૧,૦૧૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા. આમ ત્રણ દરોડામાં મહિલાઓ સહિત વીસ પત્તાપ્રેમીઓ પકડાઇ ગયા હતાં. હજુ આગળ આગળ આવા દરોડા બેફામ પડશે તે પણ હકિકત છે.

# સાત મહિનાની બાળકીનું દુધ પી સુતા બાદ મૃત્યુ

## વીસ દિવસનો બાળક સુતા બાદ જાગ્યો જ નહિ

રાજકોટ, તા. ૧૩

બે માસુમ ફુલડા જેવા બાળક-બાળકીના અલગ અલગ કિસ્સામાં અપમૃત્યુ થતાં તેના પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો. પેડક રોડ પર રહેતાં પરિવારની સાત મહિનાની દિકરી દુધ પીને સુતા બાદ બેભાન થઇ ગયા બાદ મોત થયું હતું. આ સાથે જુડવા બહેનની જોડી ખંડિત થઇ હતી. બીજા બનાવમાં વીસ દિવસના બાળકનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું.




વિશેષ વિગતો મુજબ પેડક રોડ શીવસૃષ્ટી પાર્ક-૨માં રહેતાં અંકિતભાઇ રામાણીની દિકરી જસ્બી નામની સાત મહિનાની ઉમરની દિકરીને સવારે સાડા પાંચેક વાગ્યે માતાએ દુધ પીવડાવી સુવડાવી હતી. પણ બાદમાં તેણી નહિ જાગતાં બેભાન હાલતમાં સારવારમાં ખસેડાઇ હતી. પણ તબિબે મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. તેણી જુડવા બહેનમાં મોટી હતી. અંકિતભાઇ ચાંદી કામ કરે છે. બી-ડિવીઝન પોલીસે આ અંગે આકસ્મિક મૃત્યુની નોંધ કરી હતી.અન્ય એક ઘટનામાં રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં રહેતાં વિજયભાઇ સમેચાનો પુત્ર કે જે વીસ દિવસની ઉમર ધરાવતો હતો તે રાતે સુતા બાદ સવારે નહિ જાગતાં બેભાન હાલતમાં સારવારમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. વિજયભાઇ ફ્રુટનો ધંધો કરે છે. આ બાળક એક બહીનથી નાનો હતો. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બી-ડિવીઝન અને યુનિવર્સિટી પોલીસે એ.ડી. દાખલ કરી જરૂરી કાર્યવાહી કરી હતી.

ચાર અપમૃત્યુની ઘટનાઃ બે પરિવારે યુવાન દિકરીઓ ગુમાવી

# મોબાઈલની બબાલમાં ૧૮ વર્ષની યુવતિનો આપઘાત

## પોતાની પાસે યુવતિએ ચોરીછુપીથી ફોન રાખ્યો હતો તેની પિતાને જાણ થતાં પગલુ ભર્યુંઃ બીજા બનાવમાં એકવીસ વર્ષની યુવતિએ ગળાફાંસો ખાઇ મોત મેળવ્યુંઃ પાંચ વર્ષના બાળકનું સાપના દંશથી, પિસ્તાલીસ વર્ષના આધેડનું ઘરમાં પડી જવાથી મૃત્યુ

રાજકોટ, તા. ૧૩

અપમૃત્યુ-આપઘાતની અલગ અલગ ઘટનાઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો હતો. વધુ બે કિસ્સામાં બે યુવતિએ અલગ અલગ કારણોસર મોત મેળવી લીધા હતાં. એક બનાવમાં અઢાર વર્ષની યુવતિ પોતાની પાસે ચોરીછુપીથી મોબાઇલ રાખતી હતી, આની જાણ તેના પિતાને થઇ જતાં ઠપકો મળવાની બીંકે ઝેર પી આપઘાત કરી લીધો હતો. અન્ય એક બનાવમાં એક એકવીસ વર્ષની યુવતિએ માનસિક તકલીફને કારણે ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી હતી. અન્ય બે બનાવમાં સાપ કરડતાં એક બાળકનું અને એક બનાવમાં ઘરમાં પડી જતાં એક આધેડનું મૃત્યુ થયું હતું.

પ્રથમ ઘટના જોઇએ તો ગોંડલના રીબડા ગામે ભાગીયામાં ખેતી રાખી મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના પરિવારની અઢાર વર્ષની દિકરીએ પોતાની પાસે છુપી રીતે મોબાઇલ ફોન રાખ્યો હોઇ તેની જાણ પિતાને થઇ જતાં પોતાને ઠપકો મળશે એવા ભયથી ઝેર પી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વિગતો અનુસાર રીબડામાં પરષોત્તમભાઇ સગપરીયાની વાડીમાં રહેતાં મુળ એમપીના શ્યામભાઇ નીનામાની અઢાર વર્ષની દિકરી દુબલીબેન વાડીએ ઝેરી દવા પી લેતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

પરંતુ અહિ ગઇકાલે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. પોસ્ટમોર્ટમ બાદ પોલીસે મૃતદેહ સોંપતા અંતિમવિધી માટે એમપી લઇ જવાયો હતો. આપઘાત કરનાર દુબલીબેન પાંચ બહેન અને બે ભાઇમાં નાની હતી. અહિ તેના પરિવાર સાથે રહેતી હતી. બપોરે નીંદામણ કરતી વખતે પોતે ઓરડીએ પાણી પીવાના બહાને ગઇ હતી અને બાદમાં ઝેરી દવા પી લીધી હતી. તેની પાસે મોબાઇલ ફોન હોઇ તેની જાણ પિતાને થઇ ગઇ હોઇ પોતાને ઠપકો મળશે તેવો ભય લાગતાં આ પગલુ ભયાનું ખુલ્યું હતું. ગોંડલ તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી.

બીજી એક આત્મહત્યાની ઘટનામાં ગાંધીગ્રામ રામાપીર ચોકડી નજીક શાસ્ત્રીનગર-૮માં રહેતી એકવીસ વર્ષની શ્રધ્ધાબેન કલ્પેશભાઇ સંચાણીયા નામની યુવતિએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ ચાવડા સહિતે ઘટના



સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર શ્રધ્ધાબેન બે બહેનમાં નાની હતી. તેના પિતા કડીયા કામની મજૂરી કરે છે. શ્રધ્ધાબેનની માનસિક બિમારીની દવા ચાલુ હતી. બિમારીને કારણે પગલુ ભર્યાની શક્યતા છે. તેણી ઉપરના રૂમમાં ગયા પછી નીચે ન આવતાં માતા તપાસ કરવા જતાં ઘટનાની જાણ થઇ હતી. અપમૃત્યુની અન્ય એક ઘટનામાં માસુમ બાળકનો જીવ ગયો હતો. ચોમાસાની ઋતુમાં સાપ તેમજ જીવજંતુ કરડવાના બનાવો વધી જતાં હોય છે. ઘણીવાર આવા બનાવ જીવલેણ પણ નીવડતાં હોય છે. આ દરમિયાન રાજકોટના સરધાર તાબેના લોઠડા ગામે એક પાંચ વર્ષના એક બાળકનું સર્પદંશને કારણે મોત થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ વિગત મુજબ લોઠડા ગામે આવેલી રવિભાઇ બાબરીયાની વાડીમાં રહી કામ કરતાં રાકેશભાઇ કાલરાના પાંચ વર્ષનો દિકરા વિશાલને તે ખેતરમાં રમતો હતો ત્યારે સાપે દંશ મારતાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતુંચોથા બનાવમાં મોરબીના ખાનપરમાં રહેતાં પિસતાલીસ વર્ષના પ્રવિણભાઇ ત્રિકમભાઇ અમૃતિયા સવારે ઘરે સાડા સાતેક વાગ્યે પડી જતાં બેભાન જેવા થઇ જતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી તાલુકા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર એક બહેન અને બે ભાઇમાં નાના અને અપરિણીત હતાં. શારીરિક અસ્વસ્થતા હોઇ ઘરે જ રહેતાં હતાં. ઘરમાં ચાલતી વખતે પડી ગયાનું અને બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયાનું સગાએ કહ્યું હતું. આમ ચાર અલગ અલગ ઘટનામાં અપમૃત્યુને કારણે પરિવારોએ સ્વજનો ગુમાવ્યા હતાં.

### ડહોળા પાણી અને ખાડાઓ માટે જવાબદારી કોની?

# મનપાને ઉંધા માથે કરી દે એવા પ્રશ્નો મૂકતું વિપક્ષ

## મનપાની સામાન્ય સભા પહેલાં રાજકારણ ગરમાયું; ભાજપના પ્રશ્નો ગુપ્ત રખાયા, જ્યારે કોંગ્રેસના ૧00% સભ્યોએ સવાલો જાહેર કરી પારદર્શકતા દાખવી




### સફાઈ, પ્રોજેક્ટ્સ અને કોન્ટ્રાક્ટનો હિસાબ

આજી રિવરફ્રન્ટ, રામવન, અટલ સરોવર અને કોન્ટ્રાક્ટની તપાસ હાથ ધરવામાં આવશે. ૨૦૧૨થી રિવરફ્રન્ટ પાછળ થયેલો ખર્ચ, નદીની વર્ષમાં કેટલી વાર સફાઈ થાય છે, ગાંડીવેલ કાઢવાની કામગીરી અને ડિમોલેશનના કાટમાળના ટેન્ડરની વિગતો. અટલ સરોવર પાછળ અત્યાર સુધી થયેલો કુલ ખર્ચ અને મળેલી ગ્રાન્ટ. રામવન ખાતે મહિલાઓ-બાળકોની સુવિધા, લાઈટિંગ અને ત્યાં સુધીની સિટી બસ સુવિધા. ડોર-ટુ-ડોર કચરો ઉઠાવતા કર્મચારીઓને લઘુત્તમ વેતન, મનપામાં ઝેરોક્ષનો કોન્ટ્રાક્ટ, અને છેલ્લા છ મહિનામાં દરેક શાખાએ કરેલી કામગીરીનો હિસાબ.

### રાજકારણ અને શાસક-વિપક્ષનો વ્યુહ

ભાજપના સવાલો ગુપ્ત, કોંગ્રેસના ૧00% સભ્યો પારદર્શક . ૨0મી ઓગસ્ટે રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ મળશે. ભાજપના કોર્પોરિટરોએ પૂછેલા પ્રશ્નોની વિગતો શાસકો દ્વારા ગુપ્ત રાખી લોકરમાં પૂરી દેવાઈ હોવાનો વિપક્ષનો આરોપ. શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ વિપક્ષના તમામ સાતેય (૧00%) કોર્પોરિટરોએ પૂછેલા સવાલો જાહેર જનતા સમક્ષ મૂક્યા.

### જાહેર સુવિધા અને વહીવટી પ્રશ્નો

**પાણી, રોડ-રસ્તા અને રોગચાળા મુદ્દે તંત્ર સામે સવાલો**

**દૂષિત પાણી અને આરોગ્યઃ** દૂષિત/ડહોળા પાણી માટે વોટર વર્ક્સ કે વોટર મેનેજમેન્ટમાંથી જવાબદાર કોણ? નાપાસ થયેલા પાણીના નમૂના વાળા વિસ્તારોના નામ અને છેલ્લા ૨ મહિનામાં નોંધાયેલા પાણીજન્ય રોગચાળાની વિગતો માંગવામાં આવી.

**બગાડેલા રસ્તા અને ખાડાઃ** વરસાદથી ધોવાયેલા રસ્તા, ઉખડેલો ડામર, રિપેરિંગ ખર્ચ અને ખાડાના કારણે થતી જાનહાનિ માટે મનપાની જવાબદારી અંગે પ્રશ્નો.

**સિટી બસ અને ટ્રાફિકઃ** કેટલી સિટી બસો ચાલુ છે? ડ્રાઈવરોની અછત, લાયસન્સ, વીમા અને ડ્ગ્ઈ ની સ્થિતિ. કાવેરી એપાર્ટમેન્ટ પાસેનો ૮0 ફૂટનો ટીપી રોડ બંધ રાખવાનું કારણ.

રાજકોટ, તા. ૧૩

રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ આગામી ૨0મી ઓગસ્ટે મળવા જઈ રહ્યું છે ત્યારે બોર્ડ બેઠક પહેલા જ શહેરનું રાજકારણ ગરમાયું છે. સામાન્ય સભામાં શાસક પક્ષ ભાજપના કોર્પોરેટરોએ પ્રજાના નામે કયા પ્રશ્નો પૂછ્યા છે તેની વિગતો લોકરમાં પૂરીને ગુપ્ત રાખી દેવામાં આવી છે, જે માહિતી સામાન્ય રીતે વર્ગ-૪ના કર્મચારીઓ સુધી પણ ઉપલબ્ધ હોય છે. શાસકોના આ ગુપ્તતાના વલણ સામે વિરોધ પક્ષ કોંગ્રેસે પ્રજા પ્રત્યેની પોતાની જવાબદારી અને પારદર્શકતા દાખવીને તમામ વિગતો જાહેર કરી દીધી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ વિપક્ષના તમામ સાતેય (૧00 ટકા) કોર્પોરેટરો દ્વારા જનરલ બોર્ડ માટે રજૂ કરવામાં આવેલા પ્રશ્નોની યાદી જાહેર કરીને મહાનગરપાલિકાના તંત્રને દોડતું કરી દીધું છે. કોંગ્રેસના જાગૃત પ્રતિનિધિઓએ શહેરના રોગચાળા, પાણીના ધાંધિયા, વરસાદી ખાડા, આજી રિવરફ્રન્ટ, રામવન, સિટી બસ અને વિવિધ કોન્ટ્રાક્ટ સહિત છેલ્લા છ મહિનામાં મનપાની દરેક શાખાની કામગીરીની કુંડળી માંગીને તંત્રની પોલ ખોલી નાખી છે.

જનરલ બોર્ડમાં પૂછાયેલા પ્રશ્નોની વિગતવાર વાત કરીએ તો કોર્પોરેટર મકબુલ દાઉદાણીએ આજી નદીમાંથી ગાંડીવેલ કાઢવાની કાર્યવાહી, વર્ષ ૨0૧૨થી રિવરફ્રન્ટ જાહેર કર્યા પછી થયેલો ખર્ચ અને ખરીદાયેલા સાધનોની વિગતો માંગી છે. આ ઉપરાંત તેમણે તમામ શાખાઓની છેલ્લા છ મહિનાની કામગીરી અને વોર્ડ નં. ૧ થી ૧૮માં રાત્રિના સમયે રોડ સ્વીપર કે કોમ્પ્રેસર મશીન દ્વારા થતી સફાઈના કોન્ટ્રાક્ટ કઈ એજન્સીને કઈ તારીખથી અપાયા છે તેની વિગતો માંગી છે. સુધાબા વાઘેલાએ છેલ્લા બે મહિનામાં નોંધાયેલા પાણીજન્ય રોગચાળાના આંકડા તથા ચોમાસાના કારણે ધોવાઈ ગયેલા રસ્તાઓ અને તેના રિપેરિંગ માટે થનારા ખર્ચની માહિતી પૂછી છે. મનિષાબેન રોજાસરાએ મનપાના વિવિધ વિભાગોમાં થતી ઝેરોક્ષના કોન્ટ્રાક્ટ તેમજ હાલમાં કેટલી સિટી બસો કાર્યરત છે, બસોમાં ડ્રાઈવરોની અછત અને ડ્રાઈવરોના લાયસન્સ, વીમા તથા ડ્ગ્ઈ અંગેના સવાલો ઉઠાવ્યા છે.

બીજી તરફ અર્જુનભાઈ ચૌહાણે ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરતા કર્મચારીઓને સરકાર દ્વારા નક્કી કરાયેલું લઘુત્તમ વેતન સમયસર મળે છે કે નહીં તે બાબતે તેમજ મનપા કલ્યાણ યોજનાના લાભાર્થીઓ અને સ્વચ્છતા અભિયાન હેઠળ ડસ્ટબીન વિતરણનો હિસાબ માંગ્યો છે. દિપ્તીબેન સોલંકીએ ૧ એપ્રિલ ૨0૨૬થી અત્યાર સુધી લેવાયેલા પાણીના નમૂના, તેના રિપોર્ટ અને નાપાસ થયેલા નમૂના વાળા વિસ્તારોના નામ માંગીને તંત્રને ઘેરાવ કર્યો છે.

તેમણે દૂષિત પાણી અને રસ્તાના ખાડાના કારણે થતી જાનહાનિ માટે વોટર વર્ક્સ કે વોટર મેનેજમેન્ટ વિભાગમાંથી કોની જવાબદારી નક્કી થશે તેવો સવાલ ઉઠાવ્યો છે, સાથે જ અટલ સરોવર પાછળ થયેલા ખર્ચ અને ગ્રાન્ટનો હિસાબ માંગ્યો છે. આ સિવાય ઈબ્રાહીમભાઈ સોરાએ રિવરફ્રન્ટ ડિમોલેશનના કાટમાળ અને ફોટોગ્રાફીના ટેન્ડરની પ્રક્રિયા તથા કાવેરી એપાર્ટમેન્ટ પાસે બંધ કરાયેલા ૮0 ફૂટના ટીપી રોડ અંગે વિગતો માંગી છે, જ્યારે રસીલાબેન ગરૈયાએ આજી નદીની સફાઈનો ખર્ચ, રામવનમાં મહિલાઓ-બાળકો માટેની સુવિધાઓ અને ત્યાં સુધી જતી સિટી બસની વ્યવસ્થા અંગે પ્રશ્નો પૂછીને મનપા તંત્ર પાસે જવાબ માંગ્યો છે.

# ભેળસેળ વિરોધી ડ્રાઈવ કે માત્ર ઔપચારિકતા?

## મોટા ગજાના ધંધાર્થીઓ સામે RMC ની 'સોફ્ટ કોર્નર' નીતિ પર પ્રહારો!

### એક્સપાયરી ખાદ્યચીજો ઝડપાઈ છતાં મામૂલી દંડઃ શું ઢિલી નીતિથી ભેળસેળિયાઓને મળી રહી છે છટકબારી?

રાજકોટ, તા. ૧૩

રાજકોટમાં ફૂડ વિભાગની ભેળસેળ વિરોધી ઝુંબેશ તો જોરશોરથી ચાલુ છે, પણ સવાલ એ છે કે કાયદાનો કોરડો માત્ર નાના વેપારીઓ પર જ કેમ? શું મોટા ગજાના નામાંકિત ધંધાર્થીઓ સામે પગલાં લેવામાં તંત્રને કોઈ 'શરમ' નડી રહી છે કે પછી ખરેખર કોઈ 'આદાન-પ્રદાન' નો ખેલ પાછળ ચાલી રહ્યો છે?

રાજકોટમાં છેલ્લા ઘણા મહિનાઓથી ચાલતી ખાદ્ય ચીજોમાં થતી ભેળસેળ અટકાવવાની ડ્રાઈવમાં નાના-મધ્યમ વેપારીઓ અને જાણીતી ફ્રેન્ચાઈઝીસના નાના આઉટલેટ્સ સામે તો એક્શન લેવાયા છે, પરંતુ શહેરની અતિ પ્રભાવશાળી અને મુખ્ય નામાંકિત પેઢીઓ સામે કડક પગલાં ન ભરાતા લોકમુખે ચર્ચાઓ જાગી છે. વર્ષ ૨0૧૭માં મસાલા માર્કેટના 'મનહરલાલ ડાયાલાલ સાતા' ના લાલ મરચામાં પ્રતિબંધિત કલર મળતા કોર્ટે માલિકને ૧ માસની કેદ અને ₹૧.૫0 લાખનો દંડ ફટકાર્યો છે. ૯ વર્ષે ભેળસેળિયાને સજા ફટકારાય છે, ત્યારે પ્રજામાં અનેક તર્કવિતર્ક ચાલી રહ્યા છે.

આ ઉપરાંત, તાજેતરની કાર્યવાહીમાં ગોંડલ રોડ પર આવેલી 'શ્રીનાથજી ટ્રેડિંગ' માંથી ભેળસેળવાળો ૨૫૭0 કિલો મરચું-હળદરનો જથ્થો પકડીને નાશ કરાયો છે. જ્યારે રૈયા ચોકડી પાસે આવેલ 'સુટ્ટો જી ભર કે' અને 'રોલિટો ગ્રેપ્સ મોર' માંથી એક્સપાયરી ડેટ વાળી બ્રેડ અને ચીઝનો નાશ કરી અનુક્રમે ₹૫00 અને ₹૫,000 નો દંડ વસૂલાયો છે, તેમજ શાસ્ત્રીનગરની 'એગ્રીટેબલ ઈનકો. ઠાકોર દ્વાર' ને નોટિસ આપી ₹૩,000 નો ચાર્જ વસૂલ કરાયો છે.

રાજકોટના જાણકાર વર્તુળોમાં ગણગણાટ છે કે ફૂડ વિભાગને અમુક ચોક્કસ મોટા ગજાના ધંધાર્થીઓ સુધી પહોંચવામાં કાં તો 'શરમ' નડી રહી છે અથવા તો મીઠી નજર રાખી આંખ આડા કાન કર્યા છે! લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર ગમે તેટલો પ્રભાવશાળી કેમ ન હોય, છ્અઈ પક્ષપાત વગર કડક પગલાં ભરે તેવી આજે જનતાની માંગ છે. જો આવી જ ઢીલી નીતિ રહી, તો ભેળસેળિયાઓને છટકબારી મળતી રહેશે, સજા થતાં વધુ ૯ વર્ષ નીકળી જશે અને જનતાનું આરોગ્ય જોખમાતું રહેશે.

દર તહેવારે કે સમયાંતરે ડ્રાઈવ યોજીને સેમ્પલ લેવાનો આડંબર થાય છે, પરંતુ જે-તે સેમ્પલનો લેબોરેટરી રિપોર્ટ ક્યારે આવે છે અને તેના પર શું આકરા પગલાં લેવાયા તેની માહિતી જાહેર કરવામાં આવતી નથી. માત્ર ભેળસેળવાળો જથ્થો પકડીને તેનો નાશ કરી દેવાથી કે સામાન્ય ચાર્જ વસૂલવાથી નીતિ બદલાતી નથી. ભેળસેળ કરનાર પેઢીને કાયમી ધોરણે બ્લેકલિસ્ટ કે લાયસન્સ રદ કરવાની નીતિનો કડક અમલ થતો નથી.તંત્રની નીતિ સમાન કાયદાના પાલનની હોવી જોઈએ, તેના બદલે ‘નાની માછલીઓ’ પર સપાટો બોલાવીને આંકડા દર્શાવી દેવાય છે અને ‘મોટા માથાઓ’ સામે સોફ્ટ કોર્નર રાખીને આંખ આડા કાન કરવામાં આવે છે.

નાના લારી-ગલ્લા ધારકો કે સામાન્ય આઉટલેટ્સ સામે ત્વરિત કાર્યવાહી કરીને સીલ મારવામાં આવે છે કે મીડિયા સમક્ષ હાઈલાઈટ કરાય છે, પરંતુ શહેરની અતિ પ્રભાવશાળી અને વર્ષો જૂની નામાંકિત પેઢીઓ સામે દંડકીય કે કાનૂની કાર્યવાહી કરવામાં ફૂડ વિભાગ પાછળ કેમ હટે છે? એક્સપાયરી ડેટ વાળી ચીજો ઝડપાય ત્યારે ₹૫00 કે ₹૩,000 જેવો નજીવો દંડ વસૂલીને સંતોષ માની લેવાય છે. લાખો રૂપિયાનો વેપાર કરતા ધંધાર્થીઓ માટે આ દંડની રકમ માત્ર ‘ઔપચારિકતા’ સમાન નથી?



# જિલ્લાની ૧૩૯માંથી ૫૪ મિલકતો ‘હિજરતી’

### કલેક્ટર તંત્ર મુંબઈની કચેરીને કરશે દરખાસ્તઃ ચોક્કસ સીમાંકન અને સર્વે કામગીરી પૂરી

રાજકોટ, તા. ૧૩

વર્ષ ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ અને ત્યારબાદના સમયગાળા દરમિયાન ગુજરાત સહિત દેશભરમાંથી અનેક લોકો ભારત છોડીને પાકિસ્તાન જઈ ત્યાંના નાગરિક બન્યા હતા. આવા નાગરિકોની ભારતમાં આવેલી મિલકતોને કેન્દ્ર સરકાર દ્વારા 'એનિમી પ્રોપર્ટી' (શત્રુ સંપત્તિ) તરીકે જાહેર કરવામાં આવી છે અને તેનો વહીવટ 'કસ્ટોડિયન ઓફ એનિમી પ્રોપર્ટી' હેઠળ રાખવામાં આવે છે.

આ શ્રેણી હેઠળ રાજકોટ જિલ્લામાં પણ ૧૩૯ જેટલી મિલકતો આવેલી છે.તાજેતરમાં મુંબઈ સ્થિત કસ્ટોડિયન ઓફ ઈન્ડિયાની કચેરીની એક ખાસ ટીમે રાજકોટ ખાતે રોકાણ કરીને સ્થાનિક જમીન દફતર અને સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ કચેરીના સર્વેયરોને સાથે રાખીને આ તમામ ૧૩૯ મિલકતોની સ્થળ તપાસ, સર્વે અને વેલ્યુએશનનું આંકલન પૂર્ણ કર્યું હતું. આ સર્વે દરમિયાન સામે આવ્યું હતું કે આ મિલકતોમાં ખેતીની જમીનો અને રહેણાંકના મકાનોનો સમાવેશ થાય છે. તાલુકાવાર વિગતો જોઈએ તો સૌથી વધુ જેતપુરમાં ૪૪, ઉપલેટામાં ૧૨, પડધરીમાં ૪, જસદણમાં ૪, ધોરાજીમાં ૩, ગોંડલમાં ૨, રાજકોટમાં ૨ અને કોટડાસાંગાણીમાં ૧ મિલકત આવેલી છે.આ સર્વે અને રેકોર્ડની ચકાસણી પૂર્ણ થયા બાદ કલેક્ટર કચેરીના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ૧૩૯ મિલકતોમાંથી ૫૪ મિલકતો 'હિજરતી મિલકતો' હોવાનું ખુલ્યું છે. જેથી આ ૫૪ મિલકતોનો એનિમી પ્રોપર્ટીમાં સમાવેશ ન કરવા માટે રાજકોટ કલેક્ટર તંત્ર દ્વારા વિસ્તૃત અહેવાલ તૈયાર કરીને મુંબઈની કસ્ટોડિયન ઓફ ઈન્ડિયાની કચેરીને દરખાસ્ત મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.